R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2012-14. Licensed to post without pre-payment Licence No. CPMG/GJ/99/2012-14 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ-૩૬ ● તા. ૩જી ડિસેમ્બર, ૨૦૧૪ ● અંક નં. ૪૨

ગુજરાત

# રોજગાર સમાચાર

તંત્રી : ભાગ્યેશ જહા

સંપાદક : અરવિંદ આર. પટેલ, પુલક ત્રિવેદી કાર્યવાહક સંપાદક : કે. એ. કરમટા સહસંપાદક : પરિમલ દેસાઇ, પ્રવિણ સોનારીયા

*'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ* ***રૂા. ૩૦/-*** *છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. આ ઉપરાંત કોમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફિસોમાં લવાજમ (સર્વિસ ચાર્જ સાથે) સ્વીકારવામાં આવે છે.*

વેબસાઈટ : www.gujaratinformation.net www.facebook.com/gujaratinformation.official Phone No. : 079-232-53440

## ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સમિતિ
## પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,

બ્લોક નં. ૧૨ પહેલો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર

### જિલ્લા /નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓ(ધો. ૬ થી ૮)માં વિદ્યાસહાયકની ભરતી

જિલ્લા /નગર શિક્ષણ સમિતિની ઉચ્ચ પ્રાથમિક શાળાઓ (ધો. ૬ થી ૮) માં ગુજરાતી માધ્યમના વિદ્યાસહાયકોની જિલ્લા / નગર શિક્ષણ સમિતિ દ્વારા મંગાવેલ માંગણીપત્રક મુજબ ૪૩૫૧ જગ્યાઓ પૈકી ગણિત / વિજ્ઞાનના વિષયની ૩૦૦૩, ભાષાઓના વિષયની ૫૪૮ અને સામાજિક વિજ્ઞાનના વિષયની ૮૦૦ જગ્યાઓ નીચે જણાવેલ વિગત મેરીટ યાદી તૈયાર કરવા માટે શિક્ષણ ભવનના તા. ૨૭-૪-૨૦૧૧ તથા વખતો વખતના સુધારા ઠરાવો અન્વયે નિયત કરેલ શૈક્ષણિક તેમજ તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં અરજીઓ ઓનલાઈન મંગાવવામાં આવે છે. ઉમેદવારે અરજી તા. ૨૭-૧૧-૨૦૧૪ થી તા. ૮-૧૨-૨૦૧૪ દરમ્યાન આ કચેરીની વેબસાઈટ www.vidhyasahayakgujarat.org તથા www.ptcgujarat.org ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ ઓન-લાઈન કરવાની રહેશે.

| જાહેરાત ક્રમાંક | શિક્ષણ સમિતિ | કુલ ભરવાપાત્ર જગ્યાઓ | જનરલ | અનુ.જાતિ | અનુ.જન જાતિ | સા.શૈ પછાતવર્ગ | કુલ ભરવાપાત્ર જગ્યાઓ પૈકી ૩% લેખે શારીરીક અશક્તા ધરાવતા માટે અનામત |
|---|---|---|---|---|---|---|---|
| વિસભ ૦૧/૨૦૧૪ ગણિત/ વિજ્ઞાન | જિલ્લા | ૨૯૧૫ | ૧૦૨૭ | ૧૯૨ | ૧૧૨૯ | ૫૬૭ | ૮૦ |
| | નગર | ૮૮ | ૭ | ૧૧ | ૬૪ | ૬ | ૨ |
| | કુલ | ૩૦૦૩ | ૧૦૩૪ | ૨૦૩ | ૧૧૯૩ | ૫૭૩ | ૮૨ |
| વિસભ ૦૨/૨૦૧૪ ભાષાઓ | જિલ્લા | ૫૪૦ | ૨૬૮ | ૩૬ | ૯૯ | ૧૩૭ | ૯ |
| | નગર | ૮ | ૦ | ૨ | ૬ | ૦ | ૦ |
| | કુલ | ૫૪૮ | ૨૬૮ | ૩૮ | ૧૦૫ | ૧૩૭ | ૯ |
| વિસભ ૦૩/૨૦૧૪ સામાજીક વિજ્ઞાન | જિલ્લા | ૭૬૨ | ૩૪૫ | ૫૦ | ૧૬૩ | ૨૦૪ | ૧૪ |
| | નગર | ૩૮ | ૦ | ૬ | ૩૨ | ૦ | ૧ |
| | કુલ | ૮૦૦ | ૩૪૫ | ૫૬ | ૧૯૫ | ૨૦૪ | ૧૫ |

૧. જિલ્લા શિક્ષણ સમિતિ તથા નગર શિક્ષણ સમિતિની ભરવાપાત્ર જગ્યઓની વિગતવાર માહિતી, શૈક્ષણિક તેમજ તાલીમ લાયકાત અંગેની વિગતો અને અરજી પત્રક ઓનલાઈન ભરવા માટેની સુચનાઓ ઉપરોક્ત વેબસાઈટપર ઉપલબ્ધ છે.

૨. વિદ્યાસહાયક અંગેનું ઓન-લાઈન અરજી પત્રક ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઓનલાઈન તા. ૨૭-૧૧-૨૦૧૪ સવારના ૧૧.૦૦ કલાકથી તા. ૮-૧૨-૨૦૧૪ના રોજ બપોરના ૧૫.૦૦ કલાક સુધી ભરી શકાશે. ઓનલાઈન અરજી ફોર્મ કોઈપણ કોમ્પ્યૂટર કે જેની સાથે ઈન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ હોય તે પરથી ભરી શકાશે.

૩. અરજીપત્રકની પ્રિન્ટ કરેલી કોપી નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર તા. ૨૭-૧૧-૨૦૧૪ થી તા. ૮-૧૨-૨૦૧૪ સુધી રૂબરૂમાં (રવિવાર સિવાય) સવારના ૧૧.૦૦ કલાકથી સાંજના ૫.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.

૪. પ્રિન્ટ કરેલા ફોર્મમાં કોઈપણ જાતના સુધારા વધારા કે છેકછાક કરેલા ફોર્મનો સ્વીકાર કરાશે નહીં. કોઈ ખોટી માહિતી ભરાઈ ગઈ હોય તો પ્રિન્ટેડ ફોર્મમાં સુધારા વધારા કે છેકછાક કરવાને બદલે નવેસરથી નવું ફોર્મ ભરવું અને સબમીટ કરી ફોર્મની પ્રિન્ટ લેવી. ત્યારબાદ ઉપરોક્ત સૂચના ૩ મુજબ સ્વીકરવામાં આવશે.

૫. ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. અને આ કચેરીને પણ અરજી પત્રકો મોકલવા નહીં. આ રીતે મોકલેલ અરજી પત્રકો રદ થયેલા ગણાશે.

૬. વિદ્યાસહાયકને પ્રથમ પાંચ વર્ષ મટે પ્રતિમાસ રૂ. ૭૮૦૦નું ઉચ્ચક માનદ્ વેતન આપવામાં આવશે. તે સિવાય અન્ય ભથ્થા કે લાભો મળવાપાત્ર રહેશે નહીં. પાંચ વર્ષના અંતે તેમની સેવાઓ નિમણૂક સત્તાધિકારીને સંતોષકારક જણાશે, તો સરકારના નિયમાનુસાર જે તે જગ્યા માટે વખતો વખત નિયત કરેલ પગાર-ભથ્થા મળવાપાત્ર રહેશે.

૭. નાણાં વિભાગના તા. ૪-૬-૨૦૧૨ના પત્ર ક્રમાંક : ખરચ/ ૧૦૨૦૧૨/સીસી/૧૦/ઝ.૧ના આદેશ મુજબ આ નિમણૂકો રાજ્ય સરકાર દ્વારા નામ. સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ એલ.એલ.પી.નં. ૧૪૧૨૪-૧૪૧૨૫/૧૦૨૪, એલ.એલ.પી.નં. ૯૯૫૦-૧૦૦૨૧/૨૦૧૨ તથા ૧૮૧૩૬/૨૦૧૩ તથા નામ. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ એસ.સી.એ.નં ૮૫૭૧/૨૦૧૨ તથા એસ.સી.એ.નં. ૮૮૮૫/૨૦૧૨ તથા એસ.સી.એ.નં. ૧૩૪૨૫/૨૦૧૨ના આકરી ચુકાદાને આધીન રહેશે.

૮. કુલ ભરવાપાત્ર જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે ૧૦ ટકા જગ્યાઓ અનામત છે. માજી સૈનિકની જગ્યા જે તે કેટેગરીની જગ્યા સામે સરભર કરવામાં આવશે. જો માજી સૈનિક કેટેગરીમાં લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન હોય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના ઉમેદવારોથી ભરવામાં આવશે.

૯. **વયમર્યાદા :** તા. ૮-૧૨-૨૦૧૪ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૦ વર્ષ કરતાં વધુ હોવી જોઈએ નહીં. અનામત કક્ષના ઉમેદવારો, મહિલા, શારીરીક રીતે અશક્તતા ધરાવતા તથા માજી સૈનિકો માટે નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે. મળવાપાત્ર છુટછાટ ઉંમર નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઈએ નહી. ●

## ગુજરાત જાહેર સેવા આયોગ

ખાસ જા.ક. ૨૫/૨૦૧૪-૧૫, સચિવાલય સ્ટેનોગ્રાફર સંવર્ગમાં રહસ્ય સચિવ (અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧), વર્ગ-૨ની ફક્ત અનુ. જનજાતિની બેંકલોગની કુલ-૦૨ જગ્યાઓ ખાસ સીધી ભરતીથી ભરવા માટે આયોગ દ્વારા તા. ૨૫/૧૧/૨૦૧૪ થી તા. ૧૦/૧૨/૨૦૧૪ સુધી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓ માટેની જાહેરાતની મુખ્ય અને અગત્યની વિગતો નીચે દર્શાવવામાં આવી છે. વધુ વિગતો આયોગના નોટિસબોર્ડ ઉપર અથવા આયોગની વેબસાઈટ www.gpsc.gujarat.gov.in ઉપર જોવા વિનંતી છે. જાહેરાતની બધી જ સંપૂર્ણ વિગતો જોયા બાદ જ ઉમેદવારે ઓનલાઈન અરજી કરવાની રહેશે. શારીરિક અશક્ત ઉમેદવારો માટે કોઈ જગ્યા અનામત નથી. પરંતુ OL, BL અને CP ની (૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી) અશક્તતા ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે.

**શૈક્ષણિક લાયકાત :** ભારતમાં કેન્દ્ર કે રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિ. પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુ.જી.સી. અધિનિયમ-૧૯૫૬ની કલમ-૩ હેઠળ યુનિ. હોવાનું જાહેર કરેલ સંસ્થામાંથી પદવી અથવા સરકારે માન્ય કરેલ સમકક્ષ લાયકાત. (૨) ઉમેદવારે રહસ્ય સચિવ, (ગુજરાતી અને અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૧) વર્ગ-૨ (સચિવાલય અને ખાતાના વડાની કચેરીઓ) ભરતી (પરીક્ષા) નિયમો, ૨૦૧૦ મુજબ, ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાનાર અંગ્રેજી લઘુલિપી પરીક્ષા પાસ કરવાની રહેશે. (૩) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ની વખતોવખતની જોગવાઈ અનુસારનું કોમ્પ્યુટર અંગેનું પ્રાથમિક જ્ઞાન નિમણુંકના સમયે ધરાવતા હોવા જોઈએ. (૪) ગુજરાતી અથવા હિન્દી અથવા બંનેનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

**પગાર :** રૂ. ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ-પે રૂ. ૪૬૦૦ વત્તા સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર ભથ્થાઓ.

**ઉંમર :** ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવારની ઉંમર ૨૧ વર્ષથી ઓછી ન હોવી જોઈએ અને ૩૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ. મુળ ગુજરાતના જાહેરાતના દર્શાવેલ અનામત વર્ગના પુરુષ ઉમેદવારોને પાંચ વર્ષ જ્યારે મહિલા ઉમેદવારોને દસ વર્ષ અને શારીરિક સશક્ત ઉમેદવારોને તબીબી પ્રમાણપત્રોને આધીન દસ વર્ષ સુધીની છુટછાટ મળવાપાત્ર છે. મળવાપાત્ર બધી છુટછાટ વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદાને આધીન રહેશે. માજી સૈનિક ઉમેદવારોને મળવાપાત્ર છુટછાટ વધુમાં વધુ ૪૦ વર્ષની મર્યાદાને આધીન રહેશે.

નોંધ - ઉમેદવારોએ ઓનલાઈન અરજી કન્ફર્મ કર્યા થયા બાદ અરજીપત્રક તથા જરૂરી બિડાણો જ્યારે આયોગ દ્વારા મંગાવવામાં આવે ત્યારે જ મોકલવાના રહેશે. ●

# NMDC Limited

**(A Government of India Enterprise)**
**"Khanji Bhavan", 10-3-311/A, Castle Hills, Masab Tank, Hyderabad-500 028.**

NMDC Limited, a Navratan Public Sector Enterprise under the Ministry of Streel Government of India and Multi locational, Multi product and consistently profit making Mining and Mineral Exploration Organization with more than Rs. 12,000 crore turnover is in the process of massive expansion and diversification activities both in India and Abroad. The Company is having its iron one mines located in Bailadila, Chhatisgarh, Donimalai in Bellary district, Karnataka and Diamond Mining Project in Panna, Madhya Pradesh etc. The Company is also setting up and Integrated Steel Plant at Nagamar near Jagdalpur, Chhatisgarh state and a pellet plant at Donimalai, Karnataka state NMDC is now looking for suitable persons for appointment to the following posts :

| Post Code | Posts & Grade | No. of Posts |
|---|---|---|
| 1 | Executive Director (Finance) (E9) | 01 |
| 2 | Executive Director (Materials Management) (E9) | 01 |
| 3 | General Manager (Finance) (E8) | 01 |
| 4 | General Manager (Commercial) (E8) | 01 |
| 5 | General Manager (CSR) (E8) | 01 |
| 6 | General Manager (Corporate Planning) (E8) | 01 |

The positions are based at Head Office, Hyderabad.

Scale of Pay : Rs. 62000 - 3% - 80000/- (E9) (IDA)
Rs. 51300 - 3% - 73000/- (E8) (IDA)

Interested candidates meeting the above requirements may apply in the application format (the application form can be download from 'Carrers' page on NMDC website : **www.nmdc.co.in**. For further details regarding age, qualification, experience requirements etc., in respect of the above posts, interested candidates may visit 'Careers' page on NMDC website **www.nmdc.co.in** or see the detailed noticication in Employment News dated 06-12-2014. Last date for receipt of application is 18-12-2014. ●

# ટેરિટોરિયલ આર્મીમાં ઓફિસર તરીકે જોડાઓ

## 'નાગરિક' અને 'સૈનિક' એમ બેવડી ભૂમિકા અદા કરવાની તક

**અરજી પત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૧-૧૨-૨૦૧૪**

❑ **યોગ્યતાની શરતો :** માત્ર ભારતના પુરૂષ નાગરિકો અને એક્સ સર્વિસ ઓફિસર કે જેઓ તબીબી રીતે સક્ષમ છે તેઓ જ અરજી કરવાને પાત્ર છે.

❑ **વય મર્યાદા :** ઉમેદવારની વય તા. ૩૧-૧૨-૨૦૧૪ ના રોજ ૧૮ થી ૪૨ વર્ષની હોવી જોઈએ.

❑ **શૈક્ષણિક લાયકાત :** કોઈપણ માન્ય યુનિવર્સિટીના સ્નાતક. સ્વરોજગાર સરકારી/ખાનગી નોકરી કરતા ઉમેદવારો. (પોલીસ/પેરા મેડિકલ કોર્સ સિવાય)

❑ **સેવાની શરતો અને ધારાધોરણો :** લેફ્ટનન્ટના દરજ્જામાં કમિશન આપવામાં આવે છે.

➢ જ્યારે ઉમેદવારોને તાલીમ અને લશ્કરી સેવામાં લેવામાં આવે ત્યારે નિયમિત આર્મી ઓફિસરને લાગુ પડતો પગાર અને ભથ્થાં તેમજ વિશેષાધિકારો આપવામાં આવે છે.

➢ બઢતી માટેની ખાતાકીય પરીક્ષાઓ પાસ કર્યે ટાઈમ સ્કેલ ઉપર લે. કર્નલ સુધી બઢતી આપવામાં આવે છે. કર્નલ અને બ્રિગેડીયર સુધીની બઢતી પસંદગી કરીને આપવામાં આવે છે.

➢ ટેરિટોરિઅલ આર્મીમાં કમિશન મેળવનાર ઓફિસરને જરૂરિયાત મુજબ સમયગાળા માટે લશ્કરી સેવામાં બોલાવી શકાશે.

❑ **પગાર ધોરણ :**

➢ **લેફ્ટેનન્ટ :** પે બેન્ડ ૩ રૂ. ૧૫૬૦૦-૩૯૧૦૦ વત્તા રૂ. ૫૪૦૦ ગ્રેડ પે વત્તા રૂ. ૬૦૦૦ મીલીટરી સર્વિસ પે.

➢ **કેપ્ટન :** પે બેન્ડ ૩ રૂ. ૧૫૬૦૦-૩૯૧૦૦ વત્તા રૂ. ૬૧૦૦ ગ્રેડ પે વત્તા રૂ. ૬૦૦૦ મીલીટરી સર્વિસ પે.

➢ **મેજર :** પે બેન્ડ ૩ રૂ. ૧૫૬૦૦-૩૯૧૦૦ વત્તા રૂ. ૬૬૦૦ ગ્રેડ પે વત્તા રૂ. ૬૦૦૦ મીલીટરી સર્વિસ પે.

➢ **લેફ કર્નલ :** પે બેન્ડ ૪ રૂ. ૩૭૪૦૦-૬૭૦૦૦ વત્તા રૂ. ૮૦૦૦ ગ્રેડ પે વત્તા રૂ. ૬૦૦૦ મીલીટરી સર્વિસ પે.

➢ **કર્નલ :** પે બેન્ડ ૪ રૂ. ૩૭૪૦૦-૬૭૦૦૦ વત્તા રૂ. ૮૭૦૦ ગ્રેડ પે વત્તા રૂ. ૬૦૦૦ મીલીટરી સર્વિસ પે.

➢ **બ્રિગેડિયર :** પે બેન્ડ ૪ રૂ. ૩૭૪૦૦-૬૭૦૦૦ વત્તા રૂ. ૮૯૦૦ ગ્રેડ પે વત્તા રૂ. ૬૦૦૦ મીલીટરી સર્વિસ પે.

➢ **લેખિત પરીક્ષા :** લેખિત પરીક્ષા તા. ૮-૨-૨૦૧૫ના રોજ યોજાશે. લેખિત પરીક્ષા બે ભાગમાં યોજાશે. ભાગ-૧-ટૂંકા નિબંધ, ભાગ-૨-જનરલ અવેરનેસને લગતા (જેમાં રાજનીતિ/આર્થિક બાબતો, આંતરરાષ્ટ્રિય બનાવો અને રમત-ગમતનો સમાવેશ થાય છે.) હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવશે.

❑ **તાલીમ :**

➢ કમિશનના પ્રથમ વર્ષમાં એક માસની ભરતી તાલીમ.

➢ પ્રથમ વર્ષમાં બે માસની મૂળભૂત તાલીમ

➢ આઈ. એમ.એ., દહેરાદૂન ખાતે પ્રથમ ચાર વર્ષમાં કમિશન મેળવ્યા બાદ ત્રણ માસની તાલીમ.

❑ **અરજી કેવી રીતે કરશો ?**

અરજી કરવા ઇચ્છુક સિવિલિયન ઉમેદવારોએ એમ્પ્લોયમેન્ટ ન્યૂઝમાંથી અથવા આર્મીની વેબસાઇટ www.indianarmy.gov.in ઉપરથી અરજી ફોર્મ ડાઉન લોડ કરી જરૂરી વિગતો ભરી મોકલી આપવાનું છે. અરજીફોર્મની સાથે ૨૮ X ૧૨ સે.મી. સાઇઝના સ્વયંનું નામ-સરનામું લખેલું પરબીડિયું, બે પાસપોર્ટ સાઇઝના ફોટા, સાથે રાખી અરજી મોકલવાના પરબીડિયા ઉપર રૂા.૨૭ ની ટપાલ ટિકિટ ચોંટાડી નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવા.

❑ ગુજરાત, દમણ-દીવ, દાદરા અને નગર હવેલી વિસ્તારના ઉમેદવારો માટે :

**Commander, TA Group Headqarters,
Southern Command, Pune-1**

❑ **પરીક્ષા કેન્દ્રો :** જયપુર, પુણે, બેંગલોર, હૈદરાબાદ.

❑ **પસંદગી પ્રક્રિયા સિવિલિયન ઉમેદવારો માટે :** જે ઉમેદવારોની અરજીઓ યોગ્ય માલુમ પડશે તો તેવા ઉમેદવારોની તારવણી કરવા માટે પ્રિલિમીનરી ઇન્ટરવ્યૂ બોર્ડ (PIB) દ્વારા તેઓના સંબંધિત ટીએ હેટ ક્વાટર્સ ખાતે બોલાવવામાં આવશે.

➢ PIB દ્વારા પસંદ કરવામાં આવેલા ઉમેદવારોએ ડોક્યુમેન્ટેશન કે જે PIB બાદ તરત જ યોજાય છે તે સમયે સ્વયંની વિગતો, (સ્વયંના રોજગાર, નોકરી વિશે તથા તમામ સ્રોતમાંથી મળતી આવક દર્શાવતી વિગતો સહિત) ટૂકમાં દર્શાવતો બાયોડેટા રજૂ કરવાનો રહેશે.

➢ સફળ થયેલા ઉમેદવારોએ ત્યારબાદ અંતિમ પસંદગી માટે સિલેકશન બોર્ડ (SSB) અને મેડિકલ બોર્ડ સમક્ષ ઉપસ્થિત થવાનું રહેશે.

➢ જે ઉમેદવારો PIB ની લેખિત પરીક્ષામાં પાસ થયા હોય તેઓએ ઇન્ટરવ્યૂ સમયે નીચે દર્શાવ્યા મુજબ દસ્તાવેજો/પ્રમાણપત્રોની નકલો રજૂ કરવાની રહેશે.

➢ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો/માર્કશીટ.

➢ રજિસ્ટર્ડ એમ.બી.બી.એસ. તબીબ પાસેથી લેટેસ્ટ ફિઝિકલ ફિટનેસ સર્ટિફિકેટ.

➢ નોકરી કરતા ઉમેદવારો માટે તેઓની હેડ ઓફિસની માન્યતાનું સર્વિસ સર્ટિફિકેટ.

➢ સ્વરોજગાર, ખાનની વ્યવસાય કરતા ઉમેદવારોએ રૂ.૧૦ના બિન ન્યાયિક સ્ટેમ્પ પેપર ઉપર પોતાના ધંધા-રોજગારની વિગતોવાળું સોગંદનામું તૈયાર કરી તેને રાજ્યપત્રિત અધિકારી પાસે પ્રમાણિત કરાવી, છેલ્લે ભરેલી ઇન્કમટેક્ષ રિટર્ન અને પાન કાર્ડની પ્રમાણિત નકલ.

❑ **એક્સ સર્વિસમેન ઓફિસરો માટે :** એડિશનલ ડાયરેકટરેટ જનરલ ટીએ, આર્મી હેડકવાર્ટર, 'એલ' બ્લોક, નવી દિલ્હી ખાતે આર્મી હેડક્વાર્ટર સિલેકશન બોર્ડ દ્વારા ઉમેદવારોની ચકાસણી કરવામાં આવશે અને ત્યારબાદ સફળ ઉમેદવારોએ મેડિકલ બોર્ડ સમક્ષ ઉપસ્થિત થવાનું રહેશે.

➢ સંપૂર્ણ ભરેલું અરજીપત્રાક સ્વીકારવાની છેલ્લી **તારીખ ૩૧-૧૨-૨૦૧૪** રાખવામાં આવી છે.

***નોંધ :*** *ઉમેદવારોની યોગ્યતા બાબતે આર્મી હેડક્વાર્ટરનો નિર્ણય આખરી ગણાશે.*

➢ સ્વરોજગાર મેળવતા ઉમેદવારો સિવાયના અન્ય તમામ ઉમેદવારોએ તેમની કચેરી મારફતે અરજીપત્રક મોકલવાનું રહેશે. ●

# ગુજરાત સરકાર - આદિજાતિ વિકાસ વિભાગ

## ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત

**ત્રીજો માળ, બિરસામુંડા ભવન - ગાંધીનગર**

ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) એ ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ સંચાલિત એક સ્વાયત સંસ્થા છે. મુખ્યમંત્રીના દશમુદ્દાના કાર્યક્રમ 'વનબંધુ કલ્યાણ યોજના' હેઠળ આદિજાતિ લોકોની યુવક / યુવતીઓને તાલીમ બાદ રોજગારી મેળવવામાં મદદરૂપ થાય તેના વિવિધ કોર્ષમાં ઉચ્ચ ગુણવત્તાલક્ષી તાલીમ રહેવા તથા જમવાની સુવિધા સાથે આપવામાં આવે છે. તાલીમમાં પ્રવેશ મેળવવા માટે જરૂરી લાયકાતની માહિતી તેમજ અન્ય માહિતી માટે નીચે જણાવેલ કેન્દ્રનો સંપર્ક કરવો.

| સેન્ટરનું નામ | કોર્ષનું નામ | કોર્ષનો સમય ગાળો | સેન્ટરનું સરનામું | નીચે જણાવેલ તમામ જિલ્લાની પ્રાયોજના વહિવટદારશ્રીની કચેરીઓ |
|---|---|---|---|---|
| ઈન્ડો જર્મન ટુલ રૂમ (IGTR) | Certificate Course in Machinist (Foundation) | ૧૨ મહિના | પ્લોટનં. ૫૦૦૩ ફેઝ-૪, જી.આઈ.ડી.સી, વટવા, અમદાવાદ - ૩૮૨૪૪૫ ફોન નં. ૦૭૯-૨૫૮૪૧૯૬૩ | ડાંગ, વલસાડ, પાલનપુર, ભરૂચ, રાજપીપળા,દાહોદ, નવસારી, છોટાઉદેપુર, તાપી, માંડવી. |
| સેન્ટ્રલ ઈન્સ્ટીટયુટ ઓફ પ્લાસ્ટિક એન્જીનીયરીંગ ટેક્નોલોજી (CIPET) | Basic & Advanced Machining Technique | ૬ મહિના | પ્લોટ નં. ૬૩૦ ફેઝ-૪, જી.આઈ.ડી.સી, વટવા, અમદાવાદ - ૩૮૨૪૪૫ ફોન નં. ૦૭૯-૪૦૦૮૩૯૦૫/૬ મો. ૯૬૬૨૫૧૭૦૦૯ | |
| | Plastic Product Manufacturing | ૬ મહિના | | |

૧. CIPET તથા IGTR સંસ્થાઓ દ્વારા ટૂંક સમયમાં તાલમાર્થીઓનાં રજીસ્ટ્રેશનની કામગીરી હાથ ધરવામાં આવનારી છે. તો ઈચ્છુક ઉમેદવારોએ પોતાનું રજીસ્ટ્રેશન નજીકની પ્રાયોજના કચેરીએ કરાવવા જણાવવામાં આવે છે.

૨. તાલીમમાં આદિજાતીના ૦ થી ૨૦ બીપીએલ સ્કોર ધરાવતા યુવક / યુવતીઓ પ્રવેશ મેળવી શકશે. તથા તેઓની કોર્ષ ફી આદિજાતી વિકાસ વિભાગ દ્વારા ચુકવવામાં આવે છે.

૩. મહિલાઓને તાલીમમાં પ્રવેશ માટે પ્રાથમિકતા આપવામાં આવશે.

૪. તાલીમ મેળવ્યા બાદ તાલીમાર્થીઓને રોજગારી મેળવવામાં સંસ્થા દ્વારા મદદ કરવામાં આવશે.

૫. આ તમામ કોર્ષ રેસીડેન્સીઅલ હોઈ તાલીમ દરમ્યાન તાલીમના સ્થળે રહેવું ફરજીયાત રહેશે.

૬. વધુ માહિતી માટે વેબસાઈટ : http://dsag.gujarat.gov.in/ જોવી. ●

# કરન્ટ અફેર્સ

❑ **કેન્દ્રિય કેબિનેટ દ્વારા દિનદયાલ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજનાને મંજૂરી :**

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતાવાળી કેન્દ્રિય કેબિનેટ દ્વારા દિનદયાલ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના (DDUGJY) ને મંજૂરી આપવામાં આવી હતી. આ યોજના બે ભાગમાં રહેશે. જેમાં ખેતી અને બિનખેતી એમ બે ભાગ રહેશે. જે મુજબ ગ્રામ્ય કક્ષાએ ખેતી વિષયક અને બિન ખેતી વિષયક વીજ પુરવઠા માટે અલગ ફીડરો ગોઠવવામાં આવશે. તેના કારણે બે હેતુ સિદ્ધ કરવાનો સરકારનો લક્ષ્ય છે. એક તો ખેડૂતોને ખેતી માટે પુરતી વિજળી પ્રાપ્ત થાય અને બીજુ ગ્રામ્ય વિસ્તારોમાં વિજળીનું વિતરણ વધુ અસરકારક બને. આ યોજનાનું અંદાજીત કદ રૂ. ૪૩,૦૩૩ કરોડ નિર્ધારીત કરવામાં આવ્યું છે. જે પૈકી અંદાજપત્રમાં રૂ. ૩૩,૪૫૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

❑ **બરાક ઓબામા આગામી પ્રજાસત્તાક દિનની ઉજવણીના મુખ્ય મહેમાન બનશે :**

અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ બરાક ઓબામા ૬૬મા પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં મુખ્ય મહેમાન પદે બિરાજશે. ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા આ અંગેનું આમંત્રણ વ્હાઈટ હાઉસને પાઠવવામાં આવ્યું હતું. જેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. બરાક ઓબામા પ્રથમ અમેરિકન રાષ્ટ્રપ્રમુખ છે કે જેઓ ભારતીય પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં મુખ્ય મહેમાન બન્યા હોય.

❑ **ભારતીય મહિલા ટીમે થર્ડ SAFF વુમન્સ ફૂટબોલ ચેમ્પિયનશીપ જીતી :**

ભારતીય મહિલા ફૂટબોલ ટીમે તાજેતરમાં ઈસ્લામાબાદના જિન્નાહ સ્ટેડિયમમાં યોજાયેલી ત્રીજી સાઉથ એશિયન ફૂટબોલ ફેડરેશન (SAFF) વુમન્સ ચેમ્પિયનશીપની ફાઈનલમાં નેપાળની ટીમને ૬-૦ થી હરાવી સ્પર્ધા જીતી લીધી હતી.

❑ **સાનિયા મિર્ઝા યુ.એસ. વુમન્સ ગુડવીલ એમ્બેસેડર ફોર સાઉથ એશિયા બની :**

યુ.એન. વુમન દ્વારા ભારતીય ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝાની યુ.એન. ગુડવીલ એમ્બેસેડર ફોર ધ સાઉથ એશિયા તરીકે નિમણુંક કરવામાં આવી છે.

❑ **ઈન્ડો - ચાઈના બોર્ડર ઈસ્યુ માટે અજિત દોવલની ખાસ પ્રતિનિધિ તરીકે નિમણૂક :**

ભારતના રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર (NSA) અજિત દોવલની વડાપ્રધાન કાર્યાલય દ્વારા ઈન્ડો-ચાઈના બોર્ડર ઈસ્યુના નિરાકરણ માટે ખાસ પ્રતિનિધિ તરીકે નિમણુંક કરવામાં આવી છે.

❑ **સી. કે. પ્રસાદ પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નવા ચેરમેન :**

સુપ્રિમ કોર્ટના ભૂતપૂર્વ જજ જસ્ટીસ ચંદ્રમૌલી કુમાર પ્રસાદ (સી. કે. પ્રસાદ)ની પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નવા ચેરમેન તરીકે વરણી કરવામાં આવી છે. તેઓ તેમના પુરોગામી માર્કન્ડે કાત્જુનું સ્થાન લેશે. શ્રી પ્રસાદ અગાઉ બિહાર સરકારના એડિશનલ એડવોકેટ જનરલ, પટના હાઈકોર્ટ, મધ્યપ્રદેશ હાઈકોર્ટના જજ, અલ્હાબાદ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ તરીકે સેવા આપી ચૂક્યા છે. ફેબ્રુઆરી-૨૦૧૦માં તેઓ સુપ્રિમ કોર્ટના જજ બન્યા હતા.

❑ **મેગ્નસ કાર્લસને જીતી વર્લ્ડ ચેસ ચેમ્પિયનશીપ :**

નોર્વેના મેગ્નસ કાર્લસને ભારતના ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયન વિશ્વનાથન આનંદને હરાવી FIDE વર્લ્ડ ચેસ ચેમ્પિયનશીપ જીતી લીધી હતી. કાર્લસે ૧૨ ગેમની મેચમાં ૧૧મી ગેમ જીતી વિજેતા બનવા માટે જરૂરી ૬.૫ પોઈન્ટ હાંસલ કરી ચેમ્પિયનશીપ જીતી લીધી હતી.

❑ **પૂર્વ કેન્દ્રિય મંત્રી મુરલી દેવરાનું નિધન :**

મહારાષ્ટ્ર કોંગ્રેસના પીઢ આગેવાન અને પૂર્વ કેન્દ્રિય મંત્રી મુરલી દેવરાનું મુંબઈ ખાતે નિધન થયું હતું. પોતાની દીર્ઘ રાજકીય કારકિર્દી દરમ્યાન તેઓએ અનેક મહત્વપૂર્ણ હોદ્દાઓ સંભાળ્યા હતા.

❑ **શાંતિ માટેનું ઈન્દિરા ગાંધી પ્રાઈઝ ઈસરોને :**

વર્ષ ૨૦૧૪માં અપ્રતિમ સિદ્ધિઓ હાંસલ કરનાર ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ને મંગળયાન મિશન તેમજ બાહ્ય અવકાશના શાંતિપૂર્ણ ઉપયોગ દ્વારા આંતરરાષ્ટ્રિય સહકાર મજબૂત બનાવવાના પ્રયાસો બદલ ૨૦૧૪નો ઈન્દિરા ગાંધી શાંતિ પુરસ્કાર એનાયત કરવામાં આવશે. ●

## કરાર આધારીત હંગામી WDT સભ્યોની નિયુક્તિ અંગેની જાહેરાત
## જિલ્લા જળસ્ત્રાવ વિકાસ યુનિટ, પાટણ

સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન (IWMP) વોટરશેડ યોજના તળે પાટણ જિલ્લાના તાલુકા કક્ષાના કલસ્ટર જેમ કે, સમી, રાધનપુર, સાંતલપુર કક્ષાએ નીચે મુજબ લાયકાત સંવર્ગની તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત કર્મચારીઓની નિમણુંક કરવાની હોઈ રસ ધરાવતા લાયકાતવાળા અનુભવી/બિનઅનુભવી ઉમેદવાર પોતાની અરજી www.arjikaro.com વેબસાઈટ પર ઓનલાઈન તા. ૮-૧૨-૨૦૧૪ સુધીમાં કરવાની રહેશે.

નીચે મુજબના તમામ હોદ્દાઓ ઓનલાઈન અરજી માટે ફી ધોરણ જનરલ તથા ઓબીસી ઉમેદવાર માટે ૧૫૦/- તથા એસસી અને એસટી માટે ૧૦૦/- છે.

| ક્રમ | કરાર આધારીત જગ્યાનું નામ | લઘુત્તમ શૈક્ષણિક લાયકાત | અનુભવ | જગ્યા | ફિક્સ વેતન |
|---|---|---|---|---|---|
| ૧. | સિવિલ એન્જિનીયર | ડિપ્લોમા સિવિલ એન્જિનીયર | અનુભવ સાથે / વગર | ૬ | ૮૦૦૦-૧૨૦૦૦ |
| ૨. | કૃષિ / જમીન નિષ્ણાંત | B.SC. એગ્રીકલચર /ફોરેસ્ટ્રી અથવા BRS (એગ્રો) | અનુભવ સાથે / વગર | ૩ | ૮૦૦૦-૧૨૦૦૦ |
| ૩. | કોમ્યુનીટી મોબીલાઈઝર | BRS, B.Sc હોમસાયન્સ BA સોશ્યોલોજી | અનુભવ સાથે / વગર | ૫ | ૮૦૦૦-૧૨૦૦૦ |
| ૪. | હિસાબનીશ | B.Com. ટેલીના જાણકાર | અનુભવ સાથે / વગર | ૮ | ૭૦૦૦-૧૫૦૦૦ |
| ૫. | ડેટા એન્ટ્રી ઓપરેટર | ગ્રેજ્યુએટ સાથે DCA | અનુભવ સાથે / વગર | ૮ | ૫૦૦૦-૭૦૦૦ |

**નોંધ :**

૧. ઓનલાઈન અરજી કરવાનો સમયગાળો તાય ૨૦-૧૧-૨૦૧૪ થી તા. ૮-૧૨-૨૦૧૪ સુધી રહેશે.
૨. ઉમેદવારની ઉંમર તા. ૩૧-૧૨-૨૦૧૪ના રોજ વધુમાં વધુ ૩૫ વર્ષની હોવી જોઈએ.
૩. અરજી સાથે તાજેતરનો ફોટો, શૈક્ષણિક લાયકાત અને અનુભવના પ્રમાણપત્રો સ્કેન કરી મુકવાના રહેશે.
૪. અરજી માટે (ઉપર દર્શાવ્યા મુજબ) ડિમાન્ડ ડ્રાફ્ટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ, પાટણના નામનો તા. ૮-૧૨-૨૦૧૪ સુધીની તારીખે બેંકમાંથી મેળવેલ ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવાનો રહેશે. ત્યારબાદની તારીખે બેંકમાંથી મેળવેલ ડિમાન્ડ ડ્રાફ્ટ માન્ય ગણાશે નહીં. ડિમાન્ડ ડ્રાફ્ટ તા. ૧૫-૧૨-૨૦૧૪ સુધીમાં અત્રેની કચેરીને મળે તે રીતે પહોંચતો કરવાનો રહેશે.
૫. ગ્રામ વિકાસ યોજનાનો અનુભવ ધરાવતાં ઉમેદવારને પ્રાથમિકતા આપવામાં આવશે.
૬. હાલ કાર્યરત પ્રોજેક્ટમાં ખાલી પડેલ જગ્યા તથા મંજૂર થઈ આવનાર પ્રોજેક્ટ માટે જરૂરીયાત મુજબ પસંદ થયેલ ઉમેદવારને નિમણુંક આપવામાં આવશે.
૭. આખરી નિર્ણય પસંદગી સમિતિનો રહેશે.

**સરનામું :**

પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની કચેરી,
જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ, પાટણ
ગ્રામહાટ આનંદ સરોવર સામે, પાટણ
તા. જી. પાટણ (ગુજરાત)

પ્રોજેક્ટ ડાયરેક્ટર
જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ
પાટણ. ●

## ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
## સર્વ શિક્ષા અભિયાન
## સિવિલ ઈજનેર માટેની જાહેરાત

સર્વ શિક્ષા અભિયાન મિશન અંતર્ગત રાજ્યના તમામ જીલ્લાઓમાં આવેલ ગામોમાં પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સુવિધાઓ પુરી પાડવા જેવા ઉપયોગી કાર્યો હાથ ધરવામાં આવે છે. પ્રસ્તુત કામો અલગ અલગ સ્થળે લોક ભાગીદારીથી સંભાળી શકે, તેની ગુણવત્તા પર દેખરેખ રાખી શકે તથા વિવિધ સ્તર સંકલન કરી કાર્યક્રમને વેગ આપી શકે તેવા કુશળ અને નિષ્ઠાવાન સિવિલ ઈજનેરોને નિયત અવધિ માટે કાઉન્સીલના નિયમ મુજબ ફીક્સ મહેનતાંણાથી કરારના ધોરણે તમામ જીલ્લા / તાલુકા સ્તરે નિમણુંક માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | ક્વોલીટી કન્ટ્રોલ ટીઆરપી (જિલ્લા સ્તરે) | ટેકનીકલ રિસોર્સ પર્સન (ટીઆરપી) (તાલુકા સ્તરે) |
|---|---|---|
| જરૂરીયાત લાયકાત | બી.ઈ.સિવિલ (ઓછામાં ઓછા ૬૦%) | બી.ઈ.સિવિલ (ઓછામાં ઓછા ૫૫%) અથવા ડિપ્લોમા સિવિલ (ઓછામાં ઓછા ૫૫%) |
| ઉંમર (તા. ૩૦.૧૧.૨૦૧૪ના રોજ) | ૩૩ વર્ષથી વધુ નહીં | ૩૩ વર્ષથી વધુ નહીં |
| અનુભવ (તા. ૩૦.૧૧.૨૦૧૪ના રોજ) | ઓછામાં ઓછો ૫ વર્ષ | બી.ઈ.માટે ઓછામાં ઓછો ૨ વર્ષ અને ડિપ્લોમા માટે ઓછામાં ઓછો ૩ વર્ષ |
| પગાર ધોરણ | રૂ. ૩૦,૦૦૦ પ્રતિમાસ | બી.ઈ.માટે રૂ. ૧૮૦૦૦ પ્રતિમાસ અને ડિપ્લોમા માટે રૂ. ૧૬૦૦૦ પ્રતિમાસ |
| અન્ય ભથ્થા | કાઉન્સીલરના નિયમ મુજબ મળવાપાત્ર ટીએ/ડીએ | |

**અરજી મોકલવાનું સ્થળ :** સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ, સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, એસએસએ,
જુના એમ.એલ.એ. કેન્ટિન બિલ્ડીંગ, સેક્ટર ૧૭, ગાંધીનગર - ૩૮૨૦૧૭.

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૦.૧૨.૨૦૧૪**

ઉમેદવારે અરજીપત્રકમાં પુરુ નામ, સરનામું, જન્મતારીખ,શૈક્ષણિક લાયકાત અને અનુભવ તથા પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે ટપાલથી અરજી મોકલવાની રહેશે. અરજીના કવર પર જગ્યાનું નામ દર્શાવવાનું રહેશે. નિયત તારીખ બાદ આવેલ અરજી સ્વીકારવામાં આવશે નહીં. ઉમેદવારની શૈક્ષણિક લાયકાત, સ્કૂલ લિવીંગ સર્ટીફીકેટ તથા અનુભવની પ્રમાણિત નકલો અરજી સાથે જોડવાની રહેશે. ઉપરોક્ત દર્શાવેલ લાયકાત, અનુભવ, ઉંમર ન ધરાવતા ઉમેદવારોની અરજી માન્ય રાખવામાં આવશે નહીં. પસંદગીનો નિર્ણય ઈન્ટરવ્યુ કમિટિનો રહેશે. ઉમેદવાર બન્ને જગ્યા માટે અરજી કરવા ઈચ્છતા હોય તો અલગ-અલગ અરજી કરવાની રહેશે. ક્વોલીટી કંટ્રોલ ટીઆરપીની જગ્યા માટે સંસ્થામાં કાર્યરત ઉપર મુજબની લાયકાત ધરાવતા ઈજનેરો અરજી કરી શકે છે. ●

*(અનુસંધાન પાન નં. ૭ ઉપરનું ચાલુ.....)*

૫. કોન્સ્ટેબલ સંવર્ગમાં કરારના સમયગાળા દરમ્યાન માસિક રૂ. ૭,૮૦૦ ના એકત્રિત વેતનથી ‘લોકરક્ષક’ તરીકે (કરાર સમય બાદ કોન્સ્ટેબલ તરીકે), પો.સ.ઈ. માં કરારના સમયગાળા દરમ્યાન માસિક રૂ. ૧૩,૭૦૦/- નો ફિક્સ પગાર અને એ.એસ.આઈ.માં કરારના સમયગાળા દરમ્યાન માસિક રૂ. ૭,૮૦૦/- ફિક્સ્ડ પગાર જ મળવાપાત્ર થશે.

૬. કોન્સ્ટેબલ સંવર્ગની જગ્યાઓમાં નીચેની જગ્યાઓમાં નિમણુંક મળવાપાત્ર થશે.

૧. પોલીસ કોન્સ્ટેબલ (અનાર્મ્ડ) ૨. પોલીસ કોન્સ્ટેબલ (આર્મ્ડ)

કોન્સ્ટેબલ સંવર્ગની જગ્યાઓના ઉમેદવારોએ લેખિત પરીક્ષાના કોલ લેટર ઓન લાઈન ડાઉનલોડ કરતા પહેલા, આ બે સંવર્ગમાંથી જે જગ્યામાં નિમણુંક ઈચ્છતા હોય તેનો પસંદગીક્રમ અચૂક નોંધાવવો પડશે. જો મેરીટ મેળવતા હશે તો આ પસંદગીક્રમ મુજબ નિમણુંક અપાશે અને તે ઉમેદવારને બંધનકર્તા રહેશે.

૭. નિમણુંક પામનાર તમામ ઉમેદવારોને પ્રવર્તમાન નવી વર્ધિત પેન્શન યોજના લાગુ પડશે.

૮. ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો કોઈપણ તબક્કે ખોટી માલુમ પડશે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામા આવશે.

૯. જાહેરાત કોઈપણ કારણોસર રદ / ફેરફાર કરવાની આવશ્યકતા ઊભી થશે તો તેમ કરવાના બોર્ડનો સંપૂર્ણ હક્ક અને અધિકાર રહેશે. બોર્ડ આ માટે કારણો આપવા બંધાયેલ નથી.

૧૦. ઓનલાઈન એપ્લીકેશન સ્વીકારવાની મુદત પૂર્ણ થયા બાદ આગામી ભરતી પ્રક્રિયા જેવી કે શારીરિક ક્ષમતા કસોટી / શારીરિક માપ કસોટીની માહિતી, લેખિત પરીક્ષાની માહિતી, મૌખિક ઈન્ટરવ્યુ અંગેની માહિતી તથા અન્ય જરૂરી માહિતી વખતોવખત http://ojas.guj.nic.in અથવા http://ojas1.guj.nic.in વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. જેથી તે અંગે માહિતીગાર રહેવાનું રહેશે.

૧૧. એક ઉમેદવારે એક અરજી (No Multiple Application)

એક ઉમેદવાર એક જ અરજી કરી સકશે તેમ છતાં, એકથી વધુ અરજી (Multiple Application) ના કિસ્સામાં ફી સહિત સર્વ રીતે યોગ્ય રીતે ભરેલી અરજીઓ પૈકી સૌથી છેલ્લી કન્ફર્મ થયેલી એક જ અરજી માન્ય ગણાશે. તે સિવાયની બધી અરજીઓ રદ થશે. અને ભરેલ ફી નાણાં પરત મળશે નહીં.

એક કરતા વધારે અરજી કરવામાં આવશે તો (Multiple Application) ફી ભરેલી અરજી સાથેની ફી ને, ફી નહી ભરેલી અન્ય અરજી સામે ગણવામાં આવશે નહીં.

જે ઉમેદવારે ફી ભરવાની થતી નથી તેવા ઉમેદવારોની સૌથી છેલ્લી અરજી (ફી સાથે કે ફી વગર) માન્ય ગણવામાં આવશે અને તે સિવાયની બધી અરજીઓ રદ ગણવામાં આવશે.

૧૨. મહિલાઓ અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો કેટેગરીના ઉમેદવારો માટે ગુણાનુક્રમનું ધોરણ ભરતી બોર્ડ સ્વવિવેકાનુસાર, પ્રવર્તમાન નિયમો મુજબ વાજબી રીતે ઘટાડી શકાશે. તેમ છતાં ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા સંબંધિત કેટેગરી (જનરલ, એસ.સી., એસ.ટી., એસ.ઈ.બી.સી.) ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

૧૩. માજી સૈનિક માટે નિયમાનુસાર ૧૦% જગ્યા ઈન્ટરલોકયુટરી અનામત છે. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી (જનરલ, એસ.સી., એસ.ટી., એસ.ઈ.બી.સી.) સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા જે-તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.

૧૪. માજી સૈનિક માટે (THE GUJARAT CIVIL SERVICES (RESERVATION OF VACANCIES FOR EX-SERVICEMEN IN CLASS III AND CLASS IV POST AND SERVICE RULES, 1975) માં કરેલ જોગવાઈ મુજબ સળંગ છ માસથી ઓછી ફરજ બજાવેલ ન હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની ઉંમરમાંથી બાદ કરતા મળતી ઉંમર, ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદામાં ત્રણ વર્ષ કરતા વધવી જોઈએ નહીં.

૧૫. શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ (કેટેગરી - SC,ST,SEBC), માજી સૈનિક, SEBC માટે નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ, NCC "C" સર્ટી., રક્ષાશક્તિનું પ્રમાણપત્ર, સ્પોર્ટસ, વિધવા અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે ઓનલાઈન અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. ઓનલાઈન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ બોર્ડ માંગે ત્યારે ઉમેદવારે અસલમાં ( ઝેરોક્ષ નકલો સહિત) રજુ કરવાના રહેશે. એવા પુરાવા રજુ નહીં કરી શકનાર ઉમેદવારનું અરજીપત્રક જે તે તબક્કેથી રદ કરવાપાત્ર થશે. તેમજ ભરતી પ્રક્રિયામાં કોઈપણ ભુલને કારણે ઉમેદવારની પસંદગી થયેલ હશે તો તે ભુલ ધ્યાને આવતા ઉમેદવારની પસંદગી રદ કરવામાં આવશે.

૧૬. અરજદારે અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઈ વિગતો પાછળથી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. ઓનલાઈન અરજીમાં દર્શાવેલ કેટેગરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઈ વિગતો અને ઉમેદવારની ખરેખર કેટેગરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઈ વિગતોમાં તફાવત પડશે તો, તેવી અરજી રદ કરવાપાત્ર થશે.

૧૭. ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે તે જ નંબર ચાલુ રાખવો. ભવિષ્યમાં બોર્ડ તરફથી આ ભરતી પ્રક્રિયાને સંબંધિત સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર SMS થી મોકલવામાં આવશે તેથી દર્શાવેલ મોબાઈલ નંબર બદલવો નહીં.

૧૮. ભરતી પ્રક્રિયા માટે પરવાનગી આપતા તેવા પ્રવેશપત્રમાં આપવા તેવા પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સૂચનનો ભંગ કરવા માટે દોષિત કર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થશે તે ઉપરાંત - (ક) ભરતી બોર્ડ, તે ઉમેદવારને ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ) (૧) ભરતી બોર્ડ સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતમાંથી ગેરલાયક ઠરાવી શકશે. અથવા (૨) રાજ્ય સરકાર, પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત ગેરલાયક / બાકાત કરી શકશે.

૧૯. ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

૨૦. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર ઉદાહરણ સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.) (૧) ઓનલાઈન મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય. (૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધુરી કે અસંગત હોય.(૩) અરજીમાં ઉમેદવારે સહી કે રંગીન પાસપોર્ટ સાઈઝનો સુચવેલ ફોર્મેટમાં ફોટો અપલોડ કરેલ ન હોય. (૪) અરજી ફેક્સ થી, ઈમેલ થી અથવા પોસ્ટથી મોકલાવેલ હોય. (૫) ઉમેદવારે પૂરેપૂરી ફી ભરેલ ન હોય. (૬) અનુસુચિત જાતિ (SC), અનુસુચિત જનજાતિ (ST), સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ (SEBC), તેમજ માજી સૈનિકના આધારે ઉમેદવારી નોધાયેલ હોય તે અંગેનું પ્રમાણપત્ર ધરાવતા ન હોય. (૭) સાાજિક શૈક્ષણિક પછાત વર્ગ (SEBC) ના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ના હોવા અંગેનું (નોન ક્રિમીલીયર) જણાવેલ પ્રમાણપત્ર ધરાવતા ન હોય.

૨૧. જાહેરાત / સુચનાઓ જે ઠરાવો / નિયમો / પરિપત્રોનો ઉલ્લેખ કરેલ છે તેમાં વખતો-વખતના સુધારા પણ ધ્યાને લેવાના રહેશે.

૨૨. જાહેરાત / સુચનાઓના અર્થઘટન અંગે કોઈ વાદ-વિવાદ ઉભો થાય તો તે અંગે જે-તે બોર્ડનો આખરી નિર્ણય અરજદારે માન્ય રાખવાનો રહેશે.

**અજી પત્રક ભરવા સુચનાઃ**

૧. તમામ જગ્યાઓ માટે ફકત ઓનલાઈન અરજી કરવાની રહેશે. http://ojas.guj.nic.in અથવા http://ojas1.guj.nic.in વેબસાઈટનો ઉપયોગ કરવો. રાજ્યના કોઈપણ સ્થળે સાયબર કાફે / ઈન્ટરનેટ સુવિધા (સ્કેનર અને પ્રિન્ટર સાથે)ની હોય ત્યાં અથવા કોઈપણ સરકારી પોસ્ટ ઓફિસ જયાં આ સગવડ હોય ત્યાં જઈને ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરી શકશે.

૨. લાયકાતો ધરાવતા ઉમેદવારોએ પી.એસ.આઈ., એ.એસ.આઈ. અને કોન્સ્ટેબલ હથિયારી / બિન હથિયારીની જગ્યાઓ માટે એક જ અરજીપત્રક ભરવાનું રહેશે.

૩. અરજદારે અરજી કરતી વખતે પોતાની સાથે રંગીન પાસપોર્ટ સાઈઝનો ફોટો, સ્કેન કરવા માટે પોતાની સહી, જરૂરી પ્રમાણપત્રો અને પુરાવા રાખવા જેથી તેના આધારે જ સાચી માહિતી અરજીમાં ભરી શકાય.

૪. ઓન લાઈન અરજી કન્ફોર્મ કરીને અરજીની પ્રિન્ટ તથા ફી ભરવાના ચલણની નકલ કાઢી લેવાની ખાસ કાળજી લેવાની રહેશે. અરજી નંબર, કન્ફોર્મેશન નંબર / જન્મ તારીખ વગેરે જે વેબ સાઈટ પર સુચના હોય તે ઉમેદવારે યાદ રાખવાના રહેશે. તેમાં ચુક થશે તો જવાબદાર અરજદાર પોતે રહેશે.

૫. પોસ્ટ ઓફિસ ખાતે પરીક્ષા ફી ભર્યા બાદ ૨૪ કલાકની અંદર જો આપના મોબાઈલ ઉપર ફી ભર્યા અંગેનો કોઈ મેસેજ ન આવે તો આપે જે પોસ્ટ ઓફિસ ખાતે ફી ભરેલ છે તે જ પોસ્ટ ઓફિસનો સંપર્ક કરવાનો રહેશે.

**પરીક્ષા ફી :**

જનરલ કેટેગરીના ઉમેદવારોએ નીચે જણાવ્યા મુજબ ફી ઉપરાંત લાગુ પડતા પોસ્ટ ઓફિસના ચાર્જીસ ભરવાના રહેશે. (SC, ST, SEBC અને માજી સૈનિક ઉમેદવારોએ ફી ભરવાની નથી.)

| અ.નં. | કેટેગરી | સંવર્ગવાર ફીની રકમ | | |
|---|---|---|---|---|
| | | PSI | ASI | PC |
| ૧. | જનરલ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |

દા.ત. ASI + PC ના સંવર્ગ માટે અરજી કરેલ છે. ૧૦૦ (ASI) + ૧૦૦ (PC) = ૨૦૦ રૂ. ફી ભરવાની રહેશે.

ઉમેદવારો જ્યારે વેબસાઈટ ઉપર પોતાની અરજી કન્ફોર્મ કરે ત્યારે તેઓને અરજી ફી ભરવા માટે ઓનલાઈન ઉપલબ્ધ ચલણની ૩ નકલો એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સૂચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. અરજી કરનાર ઉમેદવારોએ ચલણની પુરી વિગતો ભરી રાજ્યની કોઈ પણ પોસ્ટ ઓફિસમાં જઈને ફી + પોસ્ટ ઓફિસ ચાર્જીસના નાણાં ભરી દેવાના રહેશે. ચલણની એક નકલ પોસ્ટ ઓફિસ રાખી લેશે અને બે નકલમાં સિક્કા કરી ઉમેદવારને પરત આપશે જે પૈકી એક ચલણની નકલ ઉમેદવારે શારીરિક ટેસ્ટ વખતે કોલ લેટર સાથે અચૂક લાવવાની રહેશે. આ સિવાય ઉમેદવારને ભરતી પ્રક્રિયામાં પ્રવેશ આપવામાં આવશે નહીં અને અન્ય કોઈ રીતે ફી સ્વીકારવામાં આવશે નહિં. પોસ્ટ ઓફિસમાં ફી ભરવાની છેલ્લી તા. ૧૬-૧૨-૨૦૧૪ (કચેરી સમય સુધી છે)

ઓનલાઈન અરજી કર્યા બાદ, શારીરિક કસોટી, લેખિત કસોટી અને ઈન્ટરવ્યુ માટેના કોલ લેટર માટે છાપામાં જાહેરાત આપવામાં આવે તે મુજબ ઓનલાઈન વેબસાઈટ પરથી કોલલેટર ડાઉનલોડ કરી પ્રિન્ટ કરી લેવાના રહેશે. આમા ચૂક થશે તો જવાબદારી ઉમેદવારની રહેશે.

**વધુ પુછપરછ માટે તા. ૨૧-૧૧-૨૦૧૪ થી તા. ૧૬-૧૨-૨૦૧૪ દરમ્યાન ટોલફ્રી નં. ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ ઉપર સવાર કલાક ૧૦.૩૦ થી સાંજના કલાક : ૬.૦૦ સુધી પૂછપરછ કરી શકાશે.**

## અન્ય જાહેરખબર

- **એન.એમ.ડી.સી. લિમીટેડ**

  **જગ્યાનું નામ** : જોઈન્ટ જનરલ મેનેજર / આસિ. જનરલ મેનેજર / ડે. જનરલ મેનેજર / આસિ. મેનેજર (ટાઉન એડમિનિસ્ટ્રેશન) / જનરલ મેનેજર / ડે. જનરલ મેનેજર / આસિ. જનરલ મેનેજર / સિનિ. મેનેજર / મેનેજર / ડે. જનરલ મેનેજર (પર્સોનલ), જોઈન્ટ જનરલ મેનેજર / આસિ. જનરલ મેનેજર / મેનેજર / ડે. મેનેજર (એચઆરડી), આસિ. જનરલ મેનેજર / સિનિ. મેનેજર (કેમિકલ), જોઈન્ટ જનરલ મેનેજર / ડે. જનરલ મેનેજર / આસિ. જનરલ મેનેજર / સિન. મેનેજર (મટીરીયલ મેનેજમેન્ટ એન્ડ માર્કેટીંગ) / આસિ. જનરલ મેનેજર (ફિનાન્સ), આસિ. જનરલ મેનેજર / મેનેજર (એન્વાર્યન્મેન્ટ મેનેજમેન્ટ)

  **જગ્યાની સંખ્યા** : ૩૬

  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૦-૧૨-૨૦૧૪

  **વેબ સાઈટ** : www.nmdc.co.in.

- **ટ્રાન્સલેશનલ હેલ્થ સાયન્સ એન્ડ ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ : ગુરગાંવ**

  **જગ્યાનું નામ** : સિનિયર ટેકનિકલ ઓફિસર (નેટવર્ક એન્ડ સિસ્ટમ), મેનેજમેન્ટ આસિ. (ફિનાન્સ એન્ડ એકાઉન્ટસ), ઈર્ન્ટન્સ / જુનિયર એનાલિસ્ટ, એક્ઝિ. આસિ., કલેરિકલ આસિ., એકાઉન્ટસ આસિ., ફ્રન્ટ ઓફિસ એક્ઝિક્યૂટિવ

  **જગ્યાની સંખ્યા** : ૦૯

  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૭-૧૨-૨૦૧૪

  **વેબ સાઈટ** : www.thsti.res.in.

- **ICAR - ઈન્ડિયન વેટરીનરી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ : બરેલી**

  **જગ્યાનું નામ** : ટેકનિકલ આસિ. (રેડિયોગ્રાફર / ફાર્મ મેનેજર / મેન્ટેનન્સ એન્જિનિયર / હિન્દી ટ્રાન્સલેટર)

  **જગ્યાની સંખ્યા** : ૦૫

  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૩૦-૧૨-૨૦૧૪

  **વેબ સાઈટ** : www.ivri.hic.in

- **ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ કેટરીંગ ટેકનોલોજી એન્ડ એપ્લાઈડ ન્યૂટ્રિશન : જયપુર**

  **જગ્યાનું નામ** : એડમિનિસ્ટ્રેટિવ - કમ - એકાઉન્ટસ ઓફિસર, આસિ. લેકચરર કમ આસિ. ઈન્સ્ટ્રકટર

  **જગ્યાની સંખ્યા** : ૧૦

  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૫-૧૨-૨૦૧૪

  **વેબ સાઈટ** : www.ihmjaipur.com

- **ધ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્ટરપ્રિનિયોરશીપ એન્ડ સ્મોલ બિઝનેસ ડેવલપમેન્ટ : નોઈડા**

  **જગ્યાનું નામ** : આસિ. ડાયરેક્ટર (એસ્ટા. / આઈ.ટી. એન્ડ MIS સેલ), રિસર્ચ ઓફિસર (બિહેવીયોરલ સાયન્સ / ESDP & PI / મેનેજમેન્ટ - MSME), આસિ. (ESDP & P/ BD & M), જુનિયર ટ્રાન્સલેટર (હિન્દી), ટાઈપીસ્ટ કલાર્ક

  **જગ્યાની સંખ્યા** : ૧૧

  **ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ** : ૨૦-૧૨-૨૦૧૪

  **વેબ સાઈટ** : http://www.niesbud.org

- CSIR - **ઈન્સ્ટિટ્યૂટ ઓફ મિનરલ્સ એન્ડ (મટીરીયલ ટેકનોલોજી : ભુવનેશ્વર**

  **જગ્યાનું નામ** : આસિસ્ટન્ટ (G/S&P/F&A) જુનિ. સ્ટેનોગ્રાફર

  **જગ્યાની સંખ્યા** : ૦૯

  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૨૨-૧૨-૨૦૧૪

  **વેબ સાઈટ** : www.immt.res.in

- **યુનિયન પબ્લિક સર્વિસ કમિશન : નવી દિલ્હી**

  **જગ્યાનું નામ** : આસિ. ડાયરેક્ટર્સ (એરક્રાફ્ટ એન્જિનિયરીંગ), આસિ. પ્રોફેસર (જીઓગ્રાફી), આસિ. પ્રોફેસર (મેથ્સ.), આસિ. લો. ઓફિસર, આસિ. લેજિસ્લેટિવ કાઉન્સેલ, આસિ. ડાયરેક્ટર (મેટલ ફીનીશીંગ)

  **જગ્યાની સંખ્યા** : ૨૧

  **ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ** : ૧૧-૧૨-૨૦૧૪

  **વેબ સાઈટ** : www.upsc.gov.in

**(એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ તા. ૨૨-૧૧-૨૦૧૪)**

# જોબ એપ્લિકેશન ફંડા : 3

## રોજગારની આસપાસ

*રાજેન્દ્ર ઉપાધ્યાય*

આ લેખના વાચકો પૈકી કેટલાંક 'સારી' નોકરી કરી રહ્યા હશે, પરંતુ 'વધુ સારી' નોકરીની તલાશમાં હશે. તો વળી કેટલાંક એવા ફ્રેશ ઉમેદવારો હશે, કે જેઓ પોતાની પસંદગીની પ્રથમ નોકરી માટે થનગની રહ્યા હશે, કદાચ તેઓને એકાદ-બે કંપનીમાં ઈન્ટરવ્યૂ આપવાનો નિષ્ફળ અનુભવ પણ હશે. આવા તમામ પ્રકારના વાચકોને તેમના ઈન્ટરવ્યૂમાં ઉપયોગી થાય તેવી ટીપ્સ અત્રે અહીં પ્રસ્તુત છે...

**૧. માહિતીનો સંગ્રહ :** સૌ પ્રથમ જે કંપનીનો ઈન્ટરવ્યૂ હોય, તેના વિશેની શક્ય તેટલી વધુ માહિતી એકત્ર કરો. આ માટે કંપનીની વેબસાઈટ, એડવર્ટાઈઝમેન્ટસ, એન્યુઅલ રિપોર્ટ તેમજ કંપનીના કર્મચારી ઉપયોગી બનશે. કંપની પ્રાથમિક વિગતો, ઉત્પાદન, વેચાણ, નફો, ડિરેક્ટર્સની માહિતી, કંપનીનો સ્થાપના દિન વગેરે માહિતી એકત્ર કરવી જોઈએ અને ઈન્ટરવ્યૂમાં પુછાયેલા પ્રશ્નોના જવાબમાં આ માહિતીને વણી લેવી જોઈએ. આમ, કરવાથી ઈન્ટરવ્યૂ લેનારના મનમાં આપના જ્ઞાન અંગે સ્માર્ટ ઈમેજ ઊભી થશે.

**૨. ઈન્ટરવ્યૂઅરની સંખ્યા :** નાની કંપનીઓમાં સિંગલ કે ડબલ ઈન્ટરવ્યૂઅર જોવા મળે છે. જ્યારે મોટી કંપનીઓમાં ઈન્ટરવ્યૂઅરની આખે-આખી પેનલ હોય છે. કંપની વિશેની માહિતી એકત્રીત કરવાથી ઈન્ટરવ્યૂઅરની સંખ્યાનો અંદાજ આવે છે અને પરણિામે ઈન્ટરવ્યૂની તૈયારી કેવી રીતે કરવી તેનો ખ્યાલ આવે છે.

**૩. ઈન્ટરવ્યૂમાં પુછાતા પ્રશ્નો :** જે તે કંપનીમાં કરેલ અરજીની ઝેરોક્ષ કોપી કઢાવી રાખવી. અરજીમાં તમે જણાવેલ માહિતીને ઈન્ટરવ્યૂમાં ઊંડાણપૂર્વક પૂછવામાં આવે છે. આથી ઈન્ટરવ્યૂમાં પુછાતા સંભવિત પ્રશ્નોનો અંદાજ આવી શકે છે. સામાન્ય રીતે ઈન્ટરવ્યૂમાં જુદા જુદા ૬ પ્રકારના પ્રશ્નો પુછાતા હોય છે. જેમાં શરૂઆતના પ્રશ્નો ઉમેદવારના પરિચય અંગેના, ઉમેદવારે પ્રાપ્ત કરેલ સિદ્ધિ અંગેના, ઉમેદવારના રસ, કાર્ય તેમજ ઉદ્દેશ અંગેના હોય છે. પરંતુ જ્યારે 'આપે જૂની નોકરી કેમ છોડી ?' જેવા સંવેદનશીલ પ્રશ્નની શરૂઆત થાય, ત્યારે અસલી ઈન્ટરવ્યૂની શરૂઆત થાય છે. જેમાં સંબંધીત હોય, તેના સાંપ્રત પ્રવાહો (કરન્ટ અફેર્સ)ને લગતા પ્રશ્નો પણ પૂછવામાં આવે છે. જ્યારે 'અગામી દસ વર્ષોમાં તમારું કારકિર્દીલક્ષી આયોજન શું છે ?' કંપની પાસેથી તમારી શું અપેક્ષા છે ? જેવા અપેક્ષાત્મક પ્રશ્નો પૂછવાના શરૂ થાય ત્યારે માનવું કે ઈન્ટરવ્યૂનો અંત નજીક છે.

**૪. ધીરજના ફળ મીઠા :** તમે અરજીમાં માહિતી ફરીને ફરી જુદા જુદા ઈન્ટરવ્યૂઅર દ્વારા પુછવામાં આવે, ત્યારે 'મેં મારી એપ્લિકેશનમાં મેન્શન કરેલું જ છે.' તેવું જણાવવાને બદલે ધીરજ રાખીને જે તે પ્રશ્નોના ઉત્તર ફરીને ફરી જુદા જુદા ઈન્ટરવ્યઅરને આપવા.

**૫. સત્યમેવ જયતે :** તમારા રસ, કાર્ય, કોઈ વ્યકિત / વસ્તુ કે પ્રસંગ અંગે આપના અભિગમ અંગેના પ્રશ્નોના સાચા જ જવાબ આપવા. કદાચ તમારી નિખાલસતા ઈન્ટરવ્યૂઅરને ગમી જાય ! આમેય ખોટું બોલવાથી કદાચ ટૂંકાગાળામાં થોડો લાભ થાય, પણ લાંબે ગાળે તે બૂમરેંગ થઈ શકે ! અસત્યનું આયુષ્ય ટૂંકું જ હોય છે.

**૬. ઈન્ટરવ્યૂનું રિર્હસલ :** ઈન્ટરવ્યૂના એક દિવસ પહેલાં, ઈન્ટરવ્યૂમાં પૂછાનાર સંભવિત પ્રશ્નોના યાદી, ઈન્ટરવ્યૂના જેવું જ વાતાવરણ, મિત્રોના સહકારથી મોક ઈન્ટરવ્યૂ ગોઠવવો કે જેથી બીજા દિવસે થનારા અસલી ઈન્ટરવ્યૂમાં ભૂલો ઘટે અને આત્મવિશ્વાસ વધે !

**૭. ઈન્ટરવ્યૂના પર્યાવરણની સમજ :** ઈન્ટરવ્યૂ સ્થળના પર્યાવરણથી પરિચીત થઈ શકાય, તેમજ કંપની વિશે વધુ સારી માહિતી પ્રાપ્ત થાય, તે માટે ઈન્ટરવ્યૂના સમયથી થોડા વહેલા પહોંચવું.

**૮. પોઝીટીવ વલણ :** ઈન્ટરવ્યૂના સ્થળે જ્યારે તમે તમારા નંબરની રાહ જોઈ રહ્યા હોય ત્યારે જો કોઈ ઉમેદવાર 'ઈન્ટરવ્યૂ તો બહાનું છે, બાકી કોને લેવાના છે, તે નક્કી જ છે.' કે પછી 'મારો ઈન્ટરવ્યૂ સારો ગયો છે. મારી એપાઈન્ટમેન્ટ લગભગ થઈ જશે.' વગેરે જેવા નિવેદનો કરે, તો પણ તમારે અકળાયા વિના માત્ર અને માત્ર ઈન્ટરવ્યૂ ઉપર જ ધ્યાન કેન્દ્રીત કરવું. નર્વસ બન્યા વગર તમારું વલણ પોઝિટીવ રાખવું.

**૯. ઈન્ટરવ્યૂ પહેલાનો તેમજ પછીનો ઈન્ટરવ્યૂ :** મોટાભાગની કંપનીઓમાં C.C.T.V. કેમેરા લાગેલા હોય છે. શક્ય છે કે આ તીસરી આંખ તમારા ઈન્ટરવ્યૂ પહેલાના તેમજ ઈન્ટરવ્યૂ બાદના હાવ-ભાવ પર નજર રાખતી હોય ! કેટલીકવાર કંપનીના વિશ્વાસુઓ ઉમેદવારોના ઈન્ટરવ્યુ પહેલાંના તેમજ પછીના નિવેદનો ધ્યાનમાં લેતા હોય છે. આથી, વિવાદાસ્પદ વિધાનો, અનિચ્છનીય હાવ-ભાવથી દૂર રહેવું. આમ, ઈન્ટરવ્યૂ દરમિયાન સ્માઈલ, પોઝીટીવ હાવભાવ, સારા શબ્દોનો કરેલો ઉપયોગ માત્ર ઈન્ટરવ્યૂ પુરતો જ મર્યાદિત ન રાખતા ઈન્ટરવ્યૂ પહેલા અને પછી પણ તેનો ઉપયોગ કરતા રહેવું.

**૧૦. 'અતિ'ની કોઈ 'ગતિ' નહીં :** ઈન્ટરવ્યૂ દરમિયાન વધુ પડતા સ્માર્ટ, ડાહ્યા કે આજ્ઞાંકિત બનવાનો પ્રયત્ન ન કરવો. તેજ પ્રમાણે અતિ ઉત્સાહી કે અતિ આશાવાદી પણ ન બનવું. Everything beyond limit is poison.

**૧૧. અજ્ઞાતનો સ્વીકાર :** ઈન્ટરવ્યૂઅર દ્વારા પૂછાતા બધા જ પ્રશ્નોના જવાબો ઉમેદવારને આવડતા હોય, તે જરૂરી નથી. પરંતુ આ અજ્ઞાનતાનો ઉમેદવારે સ્વીકાર કરવો જોઈએ. પ્રશ્નનો જવાબ ન આવડે, ત્યારે 'માફ કરશો, પણ મને એ વિષયનું જ્ઞાન નથી.' તેવું હળવા સ્મીત સાથે કહેવું જોઈએ. આવા સમયે ખોટી માહિતી / ભળતી માહિતી આપીને ગોળ-ગોળ જવાબ આપવામાંથી બચવું.

**૧૨. 'શોખ' અંગેની માહિતી :** જો ઉમેદવારે બાયોડેટામાં હોબી જણાવી હોય, અને તે હોબી ઈન્ટરવ્યૂઅરની હોબી સાથે મેળ ખાતી હોય તો ઈન્ટરવ્યૂઅર તરફથી ઉમેદવારને તેની હોબી વિશેનો પ્રશ્ન તેમાંથી પેટા પ્રશ્નો-પૂરક પ્રશ્નો પુછાવાની ૧૦૦% શક્યતા રહેલી છે. આથી 'હોબી' વિશેના પ્રશ્નોના જવાબ માટે પુરતી માહિતી એકત્રીત કરી રાખો. જો 'હોબી' તરીકે કંઈક અલગ જ પ્રકારની પ્રવૃત્તિ દર્શાવી હોય, તો શક્ય છે, કે તેની જાણકારી ઈન્ટરવ્યૂઅર ઉમેદવારને પૂછશે જ.

**૧૩. કોર્સ બહારના પ્રશ્નો :** ઘણીવાર ઈન્ટરવ્યૂઅર જ્ઞાની હોવા ઉપરાંત જ્ઞાન પિપાસુ પણ હોય છે, તેવા સમયે તે ઉમેદવારને તેના નામનો અર્થ, ઉમેદવારના જન્મસ્થળ અંગેના પ્રશ્નો પૂછે છે. તેવા સમયે આવા પ્રશ્નોના જવાબ ન આવડે અને જો ઈન્ટરવ્યૂઅર તેના જવાબો આપે, ત્યારે તેને શાંતિથી સાંભળવા અને તે જવાબ જાણવાની ઉત્સુકતા અને ઉત્સાહ દર્શાવવો અને સાચી માહિતી આપવા બદલ ઈન્ટરવ્યૂઅરનો આભાર માનવો.

**૧૪. ઈન્ટરવ્યૂનો સમયગાળો :** જો ઈન્ટરવ્યૂનો સમયગાળો અતિ ટૂંકો હોય, તો તેનો જવાબ નેગેટિવ આવવાની શક્યતા છે. અને જો ઈન્ટરવ્યૂનો સમયગાળો અતિ લાંબો બને તો પોઝિટીવ જવાબ આવવાના ચાન્સીસ વધી જાય છે. આથી ઈન્ટરવ્યૂનો સમયગાળો લંબાય, તે માટેના પ્રયત્નો કરવા. આ માટે ઈન્ટરવ્યૂઅર કોઈ માહિતી આપતા હોય, તો તેને શાંતિથી સાંભળી તેમા રસ દાખવીને પેટા પ્રશ્નો પૂછવા. પોતાને પૂછાયેલા પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપવા. કોઈ મુદ્દો ચાલુ હોય અને વચમાં ઈન્ટરવ્યૂઅર દ્વારા અન્ય પ્રશ્ન પૂછાય તો નવા પ્રશ્નનો જવાબ આપવો, પણ રહી ગયેલો મુદ્દો અન્ય કોઈ પ્રશ્નના જવાબમાં બંધ બેસતો હોય, તો તેનો ઉપયોગ કરી લેવો.

**૧૫. પૂર્વગ્રહ - પક્ષપાત રહિત જવાબો :** કેટલીકવાર ઈન્ટરવ્યૂઅર દ્વારા રાજકારણને લગતા પ્રશ્નો પૂછવામાં આવતા હોય છે, તેવા સમયે કોઈ નેતા તરફનો તમારો પૂર્વગ્રહ કે પક્ષપાત સ્પષ્ટ જણાઈ આવે, તેવી રીતે જવાબ ન આપવો. શક્ય હોય તો કોઈ રાજકીય નેતાના બંને પાસા જણાવવા. મતલબ જે તે નેતાની સિદ્ધિની પ્રશંસા પણ કરવી અને તેમની મર્યાદા પણ સૂગર કવોટેડ કવીનાઈનની જેમ જણાવી પણ દેવી.

**૧૬. ગમા-અણગમા પ્રત્યેની વફાદારી :** ઘણીવાર ઈન્ટરવ્યૂઅર દ્વારા ઉમેદવારને ફેવરિટ ક્રિકેટર, ફેવરિટ એક્ટર કે ફેવરિટ સ્પોટર્સ / સ્પોટર્સ પર્સનને લગતા પ્રશ્નો પૂછવામાં આવે છે. આવા પ્રશ્નોના જવાબમાં તમારા ફેવરિટ અંગેની તરફેણની દલીલ જાહેર કરવી, પણ અન્ય અનફેવરિટની વિરુદ્ધમાં દલીલ ન કરવી, શક્ય છે કે તમારો અનફેવરિટ તમારા શક્ય અને સંભવિત બોસ માટે ફેવરિટ હોય ! બીજું કે બોસના ફેવરિટ જાણવા મળે, તો પાટલી બદલીને તાત્કાલીક હંગામી ધોરણે જે તે અનફેવરિટ ને ફેવરિટ બનાવી ન દેવા !

**૧૭. પોઝીટીવ સરખામણી - વેલકમ :** ઈન્ટરવ્યૂ દરમિયાન કોઈ વ્યક્તિ, પરિસ્થિતિ કે સ્થળની ચર્ચા થતી હોય, ત્યારે તેની પોઝીટીવ સામ્યતાનો ઉપયોગ ખાસ કરવો. જેમ કે ઈન્ટરવ્યૂઅર દ્વારા જણાવવામાં આવે કે તેમની હેડ ઓફિસ અમદાવાદમાં છે, તેમજ બ્રાંચ ઓફિસ જયપુર, હૈદરાબાદ વગેરે જગ્યાઓ છે તો તેવા સમયે 'અહો, અમદાવાદ એટલે કે ભારતના માન્ચેસ્ટરમાં ! કે પછી જયપુર એટલે કે પીંકસીટીમાં ! તે જ પ્રમાણે હૈદરાબાદમાં એટલે કે નવાબોના નગરમાં !' કહીને ઈન્ટરવ્યૂઅરનો ઉત્સાહ તેમજ ચર્ચામાં ઈન્ટરેસ્ટનો વધારો કરવો.

**૧૮. આંકડાઓને ફેરવો શબ્દોમાં :** ઈન્ટરવ્યૂએ મૌખિક કસોટી છે. લેખિત કસોટીમાં આંકડાનો ઉપયોગ વધુ યોગ્ય ગણાય. જ્યારે ઈન્ટરવ્યૂની ચર્ચામાં આંકડા કંટાળાજનક બની શકે. આથા આંકડાકીય જ્ઞાન હોય, તો પણ જવાબ આપતી વખતે તેને શબ્દમાં પરિવર્તીત કરવું. જેમ કે ૧૯૯૯-૨૦૦૦માં ભારતમાં ૨૬.૧ ટકા ગરીબી હતી, તેમ કહેવાને બદલે ભારતનો લગભગ પા ભાગ ગરીબીમાં હતો તેમ કહેવું. તેજ પ્રમાણે ઓરિસ્સાની ગરીબી ૪૭.૧૫ ટકા હતી, તેમ જણાવવાને બદલે લગભગ અડધો-અડધ ઓરિસ્સાવાળીઓ ગરીબ હતા તેમ કહેવું.

**૧૯. પહેરવેશ - ફસ્ટ ઈમ્પ્રેશન :** ઈન્ટરવ્યૂ દરમિયાન પ્રશ્નોના જવાબે-જવાબે ઉમેદવારની ઈમ્પ્રેશન બદલાતી જતી હોય છે. આથી ફસ્ટ ઈમ્પ્રેશન ઈઝ લાસ્ટ ઈમ્પ્રેશન જેવું હોતું નથી. આમ છતાંયે ઉમેદવારની અરજીને આધારે તેમણે કેટલોક અંદાજ મૂકેલો હોય છે. અને પ્રત્યક્ષ મુલાકાતના સમયે આ અંદાજને ઉમેદવારના પોષાકને આધારે બંધબેસતો છે, કે કેમ તેની ધારણાઓ કરી લેતા હોય છે.

**૨૦. ડ્રેસનો રંગ :** ખાનગી કોર્પોરેટ સેક્ટરમાં આછા રંગના વસ્ત્રો પહેરવા જોઈએ. પુરુષ ઉમેદવાર માટે સફેદ શર્ટ કે ડાર્ક રંગની ટાઈ પહેરવાનો વણલખ્યો રિવાજ છે. જો કે હવે વ્હાઈટ શર્ટનું સ્થાન ડાર્ક બ્લ્યૂ રંગના શર્ટે લીધેલું છે. જીન્સનો ડ્રેસ બને ત્યાં સુધી ટાળવો. જીન્સ પેન્ટ પહેરી શકાય, પણ શર્ટ તો નહીં જ.

**રોજગાર T20 :** ઈન્ટરવ્યૂ અંગેની અનેક ટીપ્સમાંથી સૌથી વધુ સચોટ કઈ ? છેલ્લે જે ટીપ્સ નોકરીદાતાને પસંદ પડે, અને ઈન્ટરવ્યૂનું પરિણામ 'જોબ'માં પરિણમે તે જ સાચી ટીપ્સ યાને 'ગુરૂચાવી' કે 'માસ્ટર કી' ●

**(૧) 'નવાણ' શબ્દનું શિષ્ટરૂપ આપો.**
(૧) પર્વત (૨) ખાબોચિયું
(૩) જળાશય (૪) મકાન

**(૨) ક્યો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો.**
(૧) કુહર (૨) ગુફા
(૩) ભેખડ (૪) બખોલ

**(૩) 'રણયજ્ઞ' ના કર્તા કોણ છે ?**
(૧) બ્રહ્માનંદ (૨) પ્રેમાનંદ
(૩) ભાલણ (૪) જયવંત સૂરિ

**(૪) આધુનિક કવિ કોણ છે ?**
(૧) બાલમુકુંદ દવે (૨) પૂજાલાલ
(૩) મનસુખલાલ ઝવેરી (૪) સિતાંશું યશચંદ્ર

**(૫) 'નર્મદા' નો સમાસપ્રકાર જણાવો.**
(૧) દ્વિગુ (૨) બહુવ્રીહિ
(૩) દ્વંદ્વ (૪) ઉપપદ

**(૬) નીચેનામાંથી ક્યું વિધાન અયોગ્ય છે ?**
(૧) હાઈડ્રોજનની શોધ ૧૭૬૬માં ઈંગ્લેન્ડમાં હેન્રી કેવેન્ડિશે કરી હતી.
(૨) વાતાવરણમાં લગભગ ૭૮% ભાગ નાઈટ્રોજન ધરાવે છે.
(૩) એન્થ્રેસાઈટ કોલસામાં કાર્બનનું પ્રમાણ ૯૦% હોય છે.
(૪) પીટ કોલસામાં કાર્બનનું પ્રમાણ ૪૦ થી ૫૦% હોય છે

**(૭) નીચેનામાંથી વિધાનોની સત્યતા જણાવો.**
(અ) સિમેન્ટ મુખ્યત્વે કેલ્શિયમ સિલિકેટો અને એલ્યુમિનિયમ સિલિકોટોનું મિશ્રણ છે.
(બ) સોડા કાચ એ સૌથી સસ્તો અને નીચલી કક્ષાનો કાચ છે.
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે. (૪) બંને વિધાન ખોટા છે.

**(૮) નીચેનામાંથી ક્યું વિધાન યોગ્ય છે ?**
(૧) રેસાદાર કાચનો ઉપયોગ બુલેટ પ્રુફ જેકેટ બનાવવા થાય છે.
(૨) કાચને કઠોર બનાવવા પોટેશિયમ ક્લોરાઈડ ઉમેરવામાં આવે છે.
(૩) ભૂરા કલરનો કાચ બનાવવા ફેરિક ઓક્સાઈડનો ઉપયોગ થાય છે.
(૪) ઉપરના બધા વિધાન સાચા છે.

**(૯) કાચનું સૌપ્રથમ નિર્માણ ક્યા દેશમાં થયું હતું ?**
(૧) જર્મની (૨) ઓસ્ટ્રીયા
(૩) ઈજીપ્ત (૪) સ્કોટલેન્ડ

**(૧૦) નીચેનામાંથી ક્યું વિધાન અયોગ્ય છે ?**
(૧) જમીનની ખારાશ ઘટાડવા જીપ્સમનો ઉપયોગ થાય છે.
(૨) સૌથી હલકું ધાતુ તત્વ ઓસ્મિયમ છે.
(૩) પોટેશિયમ બ્રોમાઈડ ઊંઘ લાવવાની દવામાં વપરાય છે.
(૪) ઉપરના બધા જ વિધાન અયોગ્ય છે.

**(૧૧) નીચેનામાંથી ક્યું વિધાન યોગ્ય છે ?**
(૧) નાઈટ્રોજન વાતાવરણમાં ૧૩૦ કિ.મી. ઊંચાઈ સુધી ફેલાયેલો છે.
(૨) ઓઝોન સ્તરની જાડાઈ માપવા માટે ડાબસન યુનિટનો પ્રયોગ કરવામાં આવે છે.
(૩) દબાણનો એકમ બાર અથવા પાસ્કલ છે.
(૪) ઉપરના બધા જ વિધાન સાચા છે.

**(૧૨) નીચેના વિધાનોની સત્યતા જણાવો.**
(અ) એનીમોમીટરથી પવનનો વેગ માપવામાં આવે છે.
(બ) બોરા નામથી ઠંડી હવાઓ આર્જેન્ટિનામાં અનુભવાય છે.
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે. (૪) બંને વિધાન ખોટા છે

**(૧૩) નીચેનામાંથી ક્યું વિધાન અયોગ્ય છે ?**
(૧) વિલિવાવ નામની ઠંડી હવાઓ આર્જેન્ટિનામાં વાય છે.
(૨) હરિકેન નામનો ચક્રવા યુ.એસ.એ.માં આવે છે.
(૩) પાણીના પ્રવાહી અવસ્થામાંથી વાયુ અવસ્થામાં પરિવર્તનની પ્રક્રિયાને બાષ્પીકરણ કહે છે.
(૪) ઉપરના બધા જ વિધાન અયોગ્ય છે.

**(૧૪) 'ટાઈફૂન' નામનો ચક્રવાત ક્યા મહાસાગરમાં ઉત્પન્ન થાય છે ?**
(૧) આર્કટિક (૨) પેસેફિક
(૩) હિન્દ મહાસાગર (૪) એક પણ નહીં

**(૧૫) 'મેસ્ટ્રલ' નામની ઠંડી હવાઓ ક્યા દેશમાં આવે છે ?**
(૧) સ્પેન (૨) અલાસ્કા
(૩) ફ્રાંસ (૪) (૧) અને (૩) બંને

**(૧૬) કુરુક્ષેત્ર નવલકથા કોણે લખી છે ?**
(૧) દર્શક (૨) સુમિત્રાનંદન પંત
(૩) મૈથિલિશરણ ગુપ્ત (૪) કનૈયાલાલ મુનશી

**(૧૭) ગુજરાતી સાહિત્યના વ્યાપક રીતે વપરાતા 'સાર્થ શબ્દ કોશ'નું પ્રકાશન કોના દ્વારા થયું છે ?**
(૧) ગુજરાત વિદ્યાપીઠ (૨) સાહિત્ય પરિષદ
(૩) ગુજરાત યુનિવર્સિટી (૪) સાહિત્ય અકાદમી

**(૧૮) નીચે દર્શાવેલ નિબંધસંગ્રહના લેખકનું નામ જણાવો - મોજાંને ચીંધવા સહેલા નથી.**
(૧) સુરેશ દલાલ (૨) મુરલી ઠાકુર
(૩) પ્રિયકાંત મણિયર (૪) દયારામ

**(૧૯) 'એક ખાલી નાવ' કાવ્યસંગ્રહના કવિનું નામ જણાવો.**
(૧) હર્ષદ ત્રિવેદી (૨) ઉમેશ પરવા
(૩) જયંત કોઠારી (૪) બ.ક. ઠાકોર

## જનરલ નોલેજ ક્વિઝ કોર્નર
**મનીષ શાહ**

**(૨૦) 'વસમી સદી' ના સંપાદકનું નામ જણાવો.**
(૧) રમેશ પારેખ (૨) ચાંપસી ઉદેશી
(૩) રા.વિ. પાઠક (૪) હાજી અલ્લારખાં

**(૨૧) પાણી ભરવાની ચામડાંની કોથળી :**
(૧) ચર્મબેગ (૨) ચર્મથેલી
(૩) મશક (૪) કશક

**(૨૨) કામ પેટે અગાઉથી આપેલી રકમ :**
(૧) ઉછીની રકમ (૨) બાનું
(૩) અંશરકમ (૪) બાંયધરી

**(૨૩) ફાટી ગયેલું નાનું કપડું :**
(૧) ટુકડો (૨) ચીથરું
(૩) ગાભો (૪) ચીંદડી

**(૨૪) મનની વૃત્તિઓનો જાણનાર :**
(૧) જ્યોતિષ (૨) અંતર્યામી
(૩) મનોકાર (૪) મનોવિજ્ઞાન

**(૨૫) જેમાં નાંખવાથી કદી ભરાય નહીં તેવું પાત્ર :**
(૧) કુપાત્ર (૨) કમંડળ
(૩) હોજરી (૪) ખપ્પર

**(૨૬) નીચેનામાંથી ક્યું વિધાન યોગ્ય છે ?**
(૧) સૌ પ્રથમ કૃત્રિમ ઉપગ્રહ સ્પુટનિક-૧ ઈ.સ. ૧૯૫૭ અવકાશમાં તરતો મૂકાયો.
(૨) અવકાશમાં જનાર વિશ્વની પ્રથમ મહિલા વેલેન્ટીના ટેરિશકોવા હતી.
(૩) મંગળ પર પ્રથમ વખત માર્સ-૨માં અવકાશયાન ૧૯૭૧માં ઉતર્યું હતું.
(૪) ઉપરના બધા જ વિધાન સાચા છે.

**(૨૭) નીચેના વિધાનોની સત્યતા જણાવો.**
(અ) નવેમ્બર-૧૯૬૫માં કોલંબિયા-૩ નામનું અવકાશયાન શુક્ર ગ્રહ પર ઉતર્યું હતું.
(બ) ભારતીય અવકાશ વિભાગની સ્થાપના ૧૯૭૨માં થઈ હતી.
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે. (૪) બંને વિધાન ખોટા છે

**(૨૮) નીચેનામાંથી ક્યું વિધાન અયોગ્ય છે ?**
(૧) પ્રથમ ભારતીય ઉપગ્રહ 'આર્યભટ્ટ' ને સોવિયત સંઘના બેકાનુંર કેન્દ્રથી કોસ્મોસ લોન્ચીંગ યાન દ્વારા પ્રક્ષેપિત કરાયો હતો.
(૨) પ્રથમ ભારતીય અવકાશયાત્રી રાકશે શર્મા 'સોયુજ ટી-૨'નામના અવકાશયાનમાં અવકાશમાં ગયા હતા.
(૩) ભારતનો પ્રથમ સંચાર ઉપગ્રહ 'રોહિણી' હતો.
(૪) ઉપરના બધા જ વિધાન અયોગ્ય છે.

**(૨૯) ભારતનો પ્રથમ 'સૈનિક ઉપગ્રહ' કઈ સાલમાં અવકાશમાં તરતો મૂકાયો.**
(૧) ૨૦૦૦ (૨) ૨૦૦૨
(૩) ૨૦૦૫ (૪) ૨૦૦૧

**(૩૦) મંગળ પર ભારતનું પ્રથમ મિશન 'મંગળયાન PSLV-C-25' કઈ સાલમાં પ્રક્ષેપિત કરાયું ?**
(૧) ૨૦૧૧ (૨) ૨૦૧૩
(૩) ૨૦૧૨ (૪) ૨૦૧૪

**(૩૧) નીચેનામાંથી ક્યું વિધાન યોગ્ય છે ?**
(૧) પ્રશાંત મહાસાગર ઉત્તરમાં બેરીંગની સમુહધૂનીથી દક્ષિણમાં એન્ટાર્ટિકા ખંડ સુધી વિસ્તરેલો છે.
(૨) એટલેટિક મહાસાગર ઉત્તરમાં આઈસલેન્ડથી દક્ષિણમાં બોવેર દ્વિપ સુધી ફેલાયેલો છે.
(૩) હિંદ મહાસાગર એક બાજુ પ્રશાંત મહાસાગર અને બીજી બાજુ એટલાંટિક મહાસાગરને મળેલો છે.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૩૨) નીચેના વિધાનોની સત્યતા જણાવો.**
(અ) મેડાગાસ્કાર હિંદ મહાસાગરનો સૌથી મોટો ટાપુ છે.
(બ) આર્કટિક મહાસાગર સૌથી નાનો અને છિંછરો મહાસાગર છે.
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે. (૪) બંને વિધાન ખોટા છે

**(૩૩) દ. અમેરિકામાં સૌથી મોટો દેશ ક્યો છે ?**
(૧) બ્રાઝિલ (૨) કેનેડા
(૩) અલ્જિરિયા (૪) એક પણ નહીં

**(૩૪) નીચેનામાંથી ક્યું વિધાન અયોગ્ય છે ?**
(૧) માલદીવ એ એશિયાખંડનો સૌથી નાનો દેશ છે.
(૨) 'સેન્ટપીરે' એ આફ્રિકા ખંડનો સૌથી નાનો દેશ છે.
(૩) વેટિકન સીટીએ યુરોપનો સૌથી નાનો દેશ છે.
(૪) ઉત્તર અમેરિકા ખંડની સૌથી લાંબી નદી 'મિસિસિપી' છે.

**(૩૫) નીચેનામાંથી ક્યાં ખંડમાં સૌથી વધુ દેશો આવેલા છે ?**
(૧) એશિયા (૨) આફ્રિકા
(૩) યુરોપ (૪) ઉ.અમેરિકા

**(૩૬) 'રુસ્તમનો સલોકો'ના સંપાદકનું નામ જણાવો.**
(૧) મકરંદ દવે (૨) જયંત પાઠક
(૩) રમેશ પારેખ (૪) હરિવલ્લભ ભાયાણી

**(૩૭) 'ખાનદાન લોહી' એ કોનું નાટક છે ?**
(૧) ઈશ્વર પેટલીકર (૨) કે.કા.શાસ્ત્રી
(૩) બટુભાઈ ઉમરવાડિયા (૪) એક પણ નહિ

**(૩૮) 'શશિન' ઉપનામ કોનું છે ?**
(૧) ચંદ્રકાંત મહેતા (૨) ચંદ્રકાંત બક્ષી
(૩) જયંત નારલીકર (૪) મકરંદ દવે

**(૩૯) નર્મદનો જન્મ ક્યાં થયો હતો ?**
(૧) વડોદરા (૨) ભાવનગર
(૩) અમદાવાદ (૪) સુરત

**(૪૦) 'સોનાના વૃક્ષો' કોની કૃતિ છે ?**
(૧) મણિલાલ પટેલ (૨) મણિલાલ દ્વિવેદી
(૩) ચં. ચી. મહેતા (૪) કમલેશ જોશીપુરા

## જવાબ

**(૧) ૩ (૨) ૩ (૩) ૨ (૪) ૪ (૫) ૪ (૬) ૪ (૭) ૩ (૮) ૪ (૯) ૩ (૧૦) ૨ (૧૧) ૪ (૧૨) ૧ (૧૩) ૧ (૧૪) ૨ (૧૫) ૪ (૧૬) ૧ (૧૭) ૧ (૧૮) ૧ (૧૯) ૧ (૨૦) ૪ (૨૧) ૩ (૨૨) ૨ (૨૩) ૨ (૨૪) ૨ (૨૫) ૪ (૨૬) ૪ (૨૭) ૨ (૨૮) ૩ (૨૯) ૪ (૩૦) ૨ (૩૧) ૪ (૩૨) ૩ (૩૩) ૧ (૩૪) ૩ (૩૫) ૨ (૩૬) ૪ (૩૭) ૨ (૩૮) ૧ (૩૯) ૪ (૪૦) ૧**

(અનુસંધાન પાન નં. ૮ ઉપરનું ચાલુ.....)

**શારીરિક ધોરણો :**

આ તમામ જગ્યાઓ માટે નીચેના શારીરિક ધોરણો ઉમેદવારો સંતોષતા હોવા જોઈએ

| | | | | |
|---|---|---|---|---|
| ઉંચાઈ | ક | પુરૂષ ઉમેદવારો | લઘુત્તમ-૧૬૫ સેમી. | મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે |
| | ખ | પુરૂષ ઉમેદવારો | લઘુત્તમ-૧૬૨ સેમી. | મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો માટે |
| | ગ | મહિલા ઉમેદવારો પો.સ.ઈ./એ.એસ.આઈ.માટે | લઘુત્તમ-૧૫૮ સેમી. | મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે |
| | ઘ | મહિલા ઉમેદવારો પો.સ.ઈ./એ.એસ.આઈ.માટે | લઘુત્તમ-૧૫૬ સેમી. | મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો માટે |
| | ચ | મહિલા ઉમેદવારો લોકરક્ષક માટે | લઘુત્તમ-૧૫૫ સેમી. | મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે |
| | છ | મહિલા ઉમેદવારો લોકરક્ષક માટે | લઘુત્તમ-૧૫૦ સેમી. | મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો માટે |
| **ફક્ત પુરૂષ ઉમેદવારો (તમામ) માટે જરૂરી** | | | | |
| છાતી | | ફુલાવ્યા વગરની<br>ફુલાવેલી<br>(૫ સે.મી.નો ફુલાવો અનિવાર્ય છે) | ૭૯ સે.મી.<br>૮૪ સે.મી. | લઘુત્તમ હોવી જોઈએ.<br>લઘુત્તમ હોવી જોઈએ. |
| વજન | | પુરૂષ ઉમેદવારો માટે ૫૦ કિ.ગ્રા. વજન ઓછામાં ઓછુ હોવું જોઈએ.<br>મહિલા ઉમેદવારો માટે ૪૦ કિ.ગ્રા. વજન ઓછામાં ઓછુ હોવું જોઈએ. | | |

**શારીરિક કસોટી :**

આ કસોટીના ગુણ અપાશે નહીં તે ક્વોલીફાઈંગ ટેસ્ટ હોઈ, આ ટેસ્ટ નિયત સમય મર્યાદામાં પાસ કરનારને જ લેખિત પરીક્ષા માટે બોલાવવામાં આવશે. તમામ જગ્યાઓ માટે નીચે પ્રમાણે એક જ સંયુક્ત શારીરિક કસોટી યોજાશે.

| | | | |
|---|---|---|---|
| દોડ | પુરૂષ (ક) | (૧) ૮૦૦ મીટ દોડ<br>(૨) ૫ કિ.મી. | (૧) ૩ મિનીટ અને ૧૦ સેકન્ડમાં દોડ પુરી કરવાની રહેશે. (આ દોડ નિયમાનુસાર પુરી કરનાર પુરૂષ ઉમેદવાર જ ૫ કિ.મી. દોડમાં ભાગ લેશે.)<br>(૨) વધુમાં વધુ ૨૫ મિનિટમાં તમામ પુરૂષ ઉમેદવારોએ દોડ પુરી કરવાની રહેશે. |
| | મહિલા (ખ) | ૧૬૦૦ મીટર | વધુમાં વધુ ૯ મિનિટ અને ૩૦ સેકન્ડમાં તમામ મહિલા ઉમેદવારોએ દોડ પુરી કરવાની રહેશે. |
| | એક્સ (ગ) સર્વિસ મેન | ૨૪૦૦ મીટર | વધુમાં વધુ ૧૨ મિનીટ ૩૦ સેકન્ડમાં આ દોડ પુરી કરવાની રહેશે. આ ટેસ્ટ ફક્ત તમામ એક્સ સર્વિસમેન માટે રહેશે. |

**લેખિત પરિક્ષા :**

**(એ) પોલીસ સબ ઈન્સ્પેક્ટર બિન હથિયારી કક્ષાની જગ્યા માટે**

**ચાર પ્રશ્નપત્રોની હેતુલક્ષી (ઓબ્જેક્ટિવ) ટાઈપ પરીક્ષા નીચે પ્રમાણે રહેશે.**

| | |
|---|---|
| પ્રશ્નપત્ર-૧ | ગુજરાતી ભાષા કુલ-૭૫ ગુણ સમય-૨ કલાક હેતુલક્ષી (ઓબ્જેક્ટિવ) ટાઈપ<br>(પ્રશ્નોમાં વ્યાકરણ, મૌખિક ક્ષમતા, રૂઢીપ્રયોગો, શબ્દ કોષ, કોમ્પ્રીહેન્સન વિગેરેનો સમાવેશ થશે.) |
| પ્રશ્નપત્ર-૨ | અંગ્રેજી ભાષા કુલ-૭૫ ગુણ સમય-૨ કલાક (Questions shall be objective type which will cover grammer, verbal aptitude, vocabulary, Idioms, Comprehension etc.) |
| પ્રશ્નપત્ર-૩ | સામાન્ય જ્ઞાન (વર્તમાન પ્રવાહો અને મનોવૈજ્ઞાનિક બાબતો)<br>હેતુલક્ષી (ઓબ્જેકટીવ) કસોટી ૧૦૦ ગુણ સમય-૨ કલાક |
| પ્રશ્નપત્ર-૪ | કાયદાકીય બાબતો હેતુલક્ષી (ઓબજેક્ટીવ કસોટી) ૧૦૦ ગુણ સમય-૨ કલાક<br>આ પ્રશ્નપત્રમાં નીચેના કાયદાને લગતા સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પૂછવામાં આવશે.<br>(૧) ભારતનું બંધારણ (૨) ક્રીમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ (૩) ઈન્ડીયન પીનલ કોડ-૧૮૬૦ (૪) એવીડન્સ એક્ટ-૧૮૭૨ (૫) ગુજરાત પોલીસ એક્ટ-૧૯૫૧ (૬) ગુજરાત પ્રોહીબીશન એક્ટ-૧૯૪૯ (૭) ભ્રષ્ટાચાર નાબુદી અધિનિયમ-૧૯૮૮ (૮) અનુજાતિ/અનુ. જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારો-૧૯૮૯ (૯) મોટર વાહન અધિનિયમ-૧૯૮૮. |

નોંધ : (૧) તમામ પ્રશ્નપત્રો હેતુલક્ષી (ઓબેજેક્ટીવ) પ્રકારના રહેશે. દરેક પ્રશ્નના ચાર વિકલ્પમાંથી એક સાચો જવાબ પસંદ કરવાનો રહેશે. ઓ.એમ.આર. શીટથી જવાબો ચકાસવામાં આવશે. (૨) પ્રશ્નપત્ર-૧ ગુજરાતી અને પ્રશ્નપત્ર-૨ અંગ્રેજીનું ધોરણ ઉચ્ચત્તર માધ્યમિક શાળા (HSC) લેવલનું રહેશે.

**(બી) મદદનીશ પોલીસ સબ ઈન્સ્પેક્ટર બિન હથિયારી કક્ષાની જગ્યા માટે**

**ચાર પ્રશ્નપત્રોની હેતુલક્ષી (ઓબ્જેક્ટિવ) ટાઈપ પરીક્ષા નીચે પ્રમાણે રહેશે.**

| | |
|---|---|
| પ્રશ્નપત્ર-૧ | ગુજરાતી ભાષા કુલ-૭૫ ગુણ સમય-૨ કલાક હેતુલક્ષી (ઓબ્જેક્ટિવ) ટાઈપ<br>(પ્રશ્નોમાં વ્યાકરણ, મૌખિક ક્ષમતા, રૂઢીપ્રયોગો, શબ્દ કોષ, કોમ્પ્રીહેન્સન વિગેરેનો સમાવેશ થશે.) |
| પ્રશ્નપત્ર-૨ | અંગ્રેજી ભાષા કુલ-૭૫ ગુણ સમય-૨ કલાક (Questions shall be objective type which will cover grammer, verbal aptitude, vocabulary, Idioms, Comprehension etc.) |
| પ્રશ્નપત્ર-૩ | સામાન્ય જ્ઞાન (વર્તમાન પ્રવાહો અને મનોવૈજ્ઞાનિક બાબતો)<br>હેતુલક્ષી (ઓબ્જેકટીવ) કસોટી ૧૦૦ ગુણ સમય-૨ કલાક |
| પ્રશ્નપત્ર-૪ | કાયદાકીય બાબતો હેતુલક્ષી (ઓબજેક્ટીવ કસોટી) ૧૦૦ ગુણ સમય-૨ કલાક<br>આ પ્રશ્નપત્રમાં નીચેના કાયદાને લગતા સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પૂછવામાં આવશે.<br>(૧) ભારતનું બંધારણ (૨) ક્રીમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩<br>(૩) ઈન્ડીયન પીનલ કોડ-૧૮૬૦ (૪) એવીડન્સ એક્ટ-૧૮૭૨ |

**નોંધ :** (૧) તમામ પ્રશ્નપત્રો હેતુલક્ષી (ઓબેજેક્ટીવ) પ્રકારના રહેશે. દરેક પ્રશ્નના ચાર વિકલ્પમાંથી એક સાચો જવાબ પસંદ કરવાનો રહેશે. ઓ.એમ.આર. શીટથી જવાબો ચકાસવામાં આવશે. (૨) પ્રશ્નપત્ર-૧ ગુજરાતી અને પ્રશ્નપત્ર-૨ અંગ્રેજીનું ધોરણ ઉચ્ચત્તર માધ્યમિક શાળા (HSC) લેવલનું રહેશે. (વિશેષ નોંધ માટે...... .પાના નં. ૮ ઉપર જોવું...)

**ઈન્ટરવ્યુ :** પોલીસ સબ ઈન્સ્પેક્ટર બિન હથિયારી માટે ૫૦ ગુણનું અને મદદનીશ સબ ઈન્સ્પેક્ટર બિન હથિયારી માટે ૧૫ ગુણનું ઈન્ટરવ્યું રહેશે. (જે બંને મૌખિક ઈન્ટરવ્યુ અલગ-અલગ લેવામાં આવશે)

**(અ)** ઈન્ટરવ્યુમાં ઉમેદવારની એકંદરે ક્ષમતા ચકાસવામાં આવશે જેમાં સામાન્ય જ્ઞાન / વર્તમાન પ્રવાહો / બુદ્ધિક્ષમતા / મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ ક્ષમતા અને પ્રશ્નપત્ર-૪માં દર્શાવેલ કાયદાઓ બાબતના પ્રાથમિક જ્ઞાનને લગતા વિષયો લક્ષમાં લેવાશે.

**(બ) વિશેષ ગુણ ભારાંક :** દરેક ઉમેદવારને પોલીસ સબ ઈન્સ્પેક્ટર બિન હથિયારીના ઈન્ટરવ્યુના ૫૦ ગુણમાંથી અને મદદનીશ પોલીસ સબ ઈન્સ્પેક્ટર બિન હથિયારીના ઈન્ટરવ્યુના ૧૫ ગુણમાંથી ઈન્ટરવ્યુ કમિટિને યોગ્ય લાગે તેટલા ગુણ આપવામાં આવશે ત્યારબાદ વધારામાં નીચે મુજબના વિશેષ ગુણ મળવાપાત્ર થશે.

૧. એન.સી.સી. 'સી'નું સર્ટીફિકેટ ધરાવનાર ઉમેદવારોને વધારાના બે ગુણ આપવામાં આવશે.

૨. સરકારશ્રી ગૃહવિભાગના તા. ૭-૭-૨૦૧૧ના ઠરાવ ક્રમાંક જીજી/જીયુજે/૩૫/એમએચકે/૧૦૨૦૧૦/૩૩૫/સી માં કરેલ જોગવાઈ મુજબ રક્ષા શક્તિ યુનિવર્સિટી દ્વારા અપાતા પ્રમાણપત્ર મેળવેલ હશે તેમને પોલીસ સબ ઈન્સ્પેક્ટર બિન હથિયારીમાં નિયમોનુસાર વધુ ગુણ આપવામાં આવશે.

૩. સરકારશ્રી ગૃહવિભાગના તા. ૨૫-૯-૨૦૧૪ના ઠરાવ ક્રમાંક ક્રમાંક જીજી/જીયુજે/૮૪/૨૦૧૪/એમએચકે/૧૦૨૦૧૩/૩૮૯૫/સી માં કરેલ જોગવાઈ મુજબ રક્ષા શક્તિ યુનિવર્સિટી દ્વારા અપાતા પ્રમાણપત્ર મેળવેલ હશે તેમને મદદનીશ પોલીસ સબ ઈન્સ્પેક્ટર બિન હથિયારીમાં નિયમોનુસાર વધુ ગુણ આપવામાં આવશે.

(ક) લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યુમાં મેળવેલ ગુણ, એન.સી.સી.ના મળવાપાત્ર હોય તો બે ગુણ તથા રક્ષા શક્તિ યુનિવર્સિટી પ્રમાણપત્રના વધારાના ગુણ તથા વિધવાને (સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા. ૩૧-૮-૨૦૦૪ના ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨ માં કરેલ જોગવાઈ મુજબ) વધારાના ગુણ લક્ષમાં લઈને પોલીસ સબ ઈન્સ્પેક્ટર બિન હથિયારી / મદદનીશ પોલીસ સબ ઈન્સ્પેક્ટર બિન હથિયારી સંવર્ગની આખરી પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

**જરૂરી સુચનાઓ :**

૧. ઉમેદવારોના મેરીટ (ગુણાનુંક્રમ) લેખીત પરીક્ષામાં મેળવેલ કુલ ગુણવત્તા, ઈન્ટરવ્યુના મેળવેલ ગુણ (પો.સ.ઈ./એ.એસ.આઈ. માટે) વત્તા એન.એસ.સી.ના ગુણ વત્તા રક્ષાશક્તિના પ્રમાણપત્ર માટે મળતા ગુણ વત્તા વિધવાને (સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા. ૩૧-૮-૨૦૦૪ના ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨ માં કરેલ જોગવાઈ મુજબ) એ તમામના કુલ ગુણને લક્ષમાં લઈ નક્કી કરવામાં આવશે.

૨. અનુ.જાતિ/જનજાતિ/સા.શૈ.પ.વર્ગ, માજી સૈનિકની અનામત જેટલા પુરતા ઉમેદવારો ઉપલબ્ધ નહીં થતા હોય તો તેવી અનામત કેટેગરીના ઉમેદવારો માટે ગુણાનુક્રમનું ધોરણ ભરતી બોર્ડ સ્વવિવેકાનુસાર, પ્રવર્તમાન નિયમો મુજબ વાજબી રીતે ઘટાડી શકશે.

૩. ઉમેદવારોએ અમલમાં હોય તેવા સરકારના નિયમો/ હુકમો મુજબ હિન્દી / ગુજરાતી / અંગ્રેજી ભાષાની તાલીમ / અન્ય ખાતાકીય તાલીમ / પૂર્વ સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા આપવાની રહેશે.

૪. પસંદગી પામેલા ઉમેદવારો પ્રવર્તમાન હુકમો મુજબ પ્રથમ પાંચ વર્ષની કરાર આધારિત અવધિ માટે ફિક્સ્ડ માસિક વેતનથી કરારની શરતો મુજબ નિમણુંક મેળવશે. કરારને અંતે સંતોષકારક સેવા પૂર્ણ કરનારને નિયમિત રીતે મળવાપાત્ર પગાર ધોરણમાં નિમણુંક આપવામાં આવશે.

(અનુસંધાન પાન નં. ૪ ઉપર)

# ગુજરાત પોલીસ દળમાં પીએસઆઈ/મદદનીશ પીએસઆઈ/કોન્સ્ટેબલ વર્ગ-૩ની ૮૪૫૦ જગ્યાઓ માટે સીધી ભરતી

ગુજરાત પોલીસ દળમાં વર્ગ-૩ની જુદી જુદી સંવર્ગની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે પો.સ.ઈ. ભરતી બોર્ડ / લોક રક્ષક ભરતી બોર્ડ દ્વારા ફક્ત ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. કોન્સ્ટેબલ, એ.એસ.આઈ. અને પી.એસ.આઈ. કક્ષાની સંબંધિત જગ્યાના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ લાયકાત પરિપૂર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારોએ તા. ૨૧-૧૧-૨૦૧૪ (સ.ક. ૦૯.૦૦) થી તા. ૧૩-૧૨-૨૦૧૪ (રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન ઈન્ટરનેટ પર http://ojas.guj.nic.in અથવા http://ojas1.guj.nic.in વેબસાઈટ પર જઈ પોલીસ ભરતીની જાહેરાત પેઈજ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઉમેદવારે ઓનલાઈન અરજી કરતા પહેલા ભરતીને લગતી માહિતી અને સૂચનાઓ ઉક્ત વેબ સાઈટ પરથી પુરી કાળજીપૂર્વક વાંચી લેવાની રહેશે. ઉમેદવારોએ ઓનલાઈન અરજી કન્ફોર્મ થયા પછી તેની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે અને જ્યારે માંગવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે. હાલ કોઈપણ કચેરીમાં ટપાલથી કે રૂબરૂમાં અરજીપત્રકો મોકલવાના રહેશે નહીં તેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

ઉમેદવારે સ્વયં અથવા ઈન્ટરનેટ જાણકારની મદદથી પોતાનો રંગીન પાસપોર્ટ સાઈઝનો ફોટો ૧૫ કે.બી. અને સીગ્નેચર ૧૫ કે.બી. સાઈઝથી વધે નહીં તે રીતે જેપીજી ફોર્મેટમાં સ્કેન કરી અરજીપત્રકમાં અપલોડ કરવાના રહેશે.

આ ભરતી માટે ખાલી જગ્યાની વિગતો નીચે મુજબ છે.

| | જગ્યાનું નામ | | કુલ ખાલી જગ્યા | સામાન્ય કેટેગરી | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. અને શૈ.પ. વર્ગ |
|---|---|---|---|---|---|---|---|
| ક | પોલીસ સબ ઈન્સ્પેક્ટર બિન હથિયારી | પુરૂષ | ૩૩૫ | ૧૫૯ | ૨૩ | ૪૦ | ૧૧૩ |
| | | મહિલા | ૧૬૫ | ૭૯ | ૧૧ | ૧૯ | ૫૬ |
| | | કુલ | ૫૦૦ | ૨૩૮ | ૩૪ | ૫૯ | ૧૬૯ |
| ખ | મદદનીશ પોલીસ સબ ઈન્સ્પેક્ટર બિન હથિયારી | પુરૂષ | ૫૩૬ | ૨૭૩ | ૩૮ | ૮૦ | ૧૪૫ |
| | | મહિલા | ૨૬૪ | ૧૩૫ | ૧૮ | ૪૦ | ૭૧ |
| | | કુલ | ૮૦૦ | ૪૦૮ | ૫૬ | ૧૨૦ | ૨૧૬ |
| ગ | પોલીસ કોન્સ્ટેબલ બિન હથિયારી | પુરૂષ | ૩૭૮૬ | ૧૯૩૧ | ૨૬૫ | ૫૬૮ | ૧૦૨૨ |
| | | મહિલા | ૧૮૬૪ | ૯૫૧ | ૧૩૦ | ૨૮૦ | ૫૦૩ |
| | | કુલ | ૫૬૫૦ | ૨૮૮૨ | ૩૯૫ | ૮૪૮ | ૧૫૨૫ |
| ઘ | પોલીસ કોન્સ્ટેબલ હથિયારી | પુરૂષ | ૧૦૦૫ | ૫૧૩ | ૭૦ | ૧૫૧ | ૨૭૧ |
| | | મહિલા | ૪૯૫ | ૨૫૨ | ૩૫ | ૭૪ | ૧૩૪ |
| | | કુલ | ૧૫૦૦ | ૭૬૫ | ૧૦૫ | ૨૨૫ | ૪૦૫ |

**ખાસ નોંધ :**

૧. ઉપર દર્શાવેલ ખાલી જગ્યાઓની સંખ્યામાં ફેરફાર જરૂરી બનશે તો તે કરવાનો હક્ક સરકારનો રહેશે અને તે ઉમેદવારોને સ્વીકાર્ય રહેશે.

૨. ભરતીથી પસંદ થનાર તમામ ઉમેદવારોની નિમણુંક પ્રવર્તમાન નિયમો / પરીક્ષા નિયમો તથા નીતિ વિષયક હુકમો / નિયમોને અનુલક્ષીને કરવામાં આવશે અને તે તમામ જોગવાઈઓ ઉમેદવારને બંધનકર્તા રહેશે. (નિયમો/ઠરાવો/પરિપત્રો ગુજરાત સરકારશ્રીના ગૃહવિભાગની ઈન્ટરનેટ પર http://home.gujarat.gov.in વેબ સાઈટ ઉપર ઉપલબ્ધ છે.

૩. તમામ જગ્યાઓ માટે વય-મર્યાદા, શૈક્ષણિક લાયકાત, નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ NCC "C" સર્ટી. રક્ષા શક્તિ યુનિવર્સિટીનું પ્રમાણપત્ર, સીધી ભરતી થવા માટેની વધારાની તમામ લાયકાત તા. ૧૩-૧૨-૨૦૧૪ ના રોજની ગણવાની રહેશે અને તમામ પ્રકારના સર્ટીફિકેટ તા. ૧૩-૧૨-૨૦૧૪ સુધીમાં ઈસ્યુ થયેલા હોવા જોઈએ.

| | જગ્યાનું નામ | વયમર્યાદા | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| ક | પોલીસ સબ ઈન્સ્પેક્ટર બિન હથિયારી | લઘુત્તમ-૨૧ વર્ષ મહત્તમ-૩૦ વર્ષ | માન્ય યુનિ.ની સ્નાતક ડિગ્રી અથવા કાયદાથી સ્થાપિત માન્ય સંસ્થાની ડિગ્રી અથવા યુનિ. ગ્રાન્ટ કમિશન એક્ટ-૧૯૫૬ના સેકશન-૩ હેઠળની ડીમ્ડ યુનિ.ની ડિગ્રી અથવા સરકારે આથી સમકક્ષ જાહેર કરેલ ડિગ્રી ધરાવતા હોવા જોઈએ. |
| ખ | મદદનીશ પોલીસ સબ ઈન્સ્પેક્ટર બિન હથિયારી | લઘુત્તમ-૨૦ વર્ષ મહત્તમ-૩૦ વર્ષ | ઉપર મુજબ |
| ગ | પોલીસ કોન્સ્ટેબલ બિન હથિયારી | લઘુત્તમ-૧૮ વર્ષ મહત્તમ-૨૮ વર્ષ | ધોરણ-૧૨ પાસ હાયર સેકન્ડરી પરીક્ષા અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ હોવા જોઈએ. |
| ઘ | પોલીસ કોન્સ્ટેબલ હથિયારી | લઘુત્તમ-૧૮ વર્ષ મહત્તમ-૨૮ વર્ષ | ઉપર મુજબ |

**નોંધ : ઉપર દર્શાવેલ મહત્તમ વય-મર્યાદામાં નીચે જણાવેલ કેટેગરીના ઉમેદવારોને નીચે જણાવ્યા મુજબની વધુ છુટછાટ મળશે.**

૧. અનુસુચિત જાતિ/જનજાતિ/સા. અને શૈ. પછાત ઉમેદવારોને પાંચ વર્ષની છૂટ.

૨. તમામ મહિલા ઉમેદવારોને પાંચ વર્ષની છૂટ

૩. એકસ સર્વિસમેનને કરેલ સેવાના સંદર્ભે નિયમાનુસાર મળવાપાત્ર છુટ (નિયમ : ગુ.રા.સેવા (માજી સૈનિકો માટે અનામત) નિયમો ૧૯૭૫)

૪. રાજ્યના પોલીસ દળમાં કોન્સ્ટેબલ / હેડ કોન્સ્ટેબલ / એ.એસ.આઈ. / અન્ય કોન્સ્ટેબ્યુલરી તરીકે હાલ સેવા બજાવી રહેલા ઉમેદવારોને પી.એસ.આઈ. (અનાર્મ્ડ)ની જગ્યા માટે ઉપલી વયમાં વધારે ત્રણ વર્ષની છુટ મળશે.

૫. રાજ્યના પોલીસ દળમાં કોન્સ્ટેબલ / હેડ કોન્સ્ટેબલ તરીકે હાલ સેવા બજાવી રહેવા ઉમેદવારોને એ.એસ.આઈ. (અનાર્મ્ડ) ની જગ્યા માટે ઉપલી વયમાં વધારે ત્રણ વર્ષની છુટ મળશે.

૬. કોમ્પ્યુટર જ્ઞાન : તમામ ઉમેદવારોએ ગુજરાત સીવીલ સર્વિસીસ (કમ્પ્યુટર કમ્પીટન્સી) રૂલ્સ ૨૦૦૬ની જોગવાઈ અને સુચનાઓ મુજબ સી.સી.સી (સર્ટીફિકેટ ઓન કોમ્પ્યુટર કન્સેપ્ટ)નું માન્ય પ્રમાણપત્ર અરજી સમયે અથવા પસંદગી પછી તાલીમ પુરી થાય તે દરમિયાનમાં ધરાવતા હોવું જોઈએ.

૭. તમામ ઉમેદવારો ભરતી નિયમો મુજબ ગુજરાતી અને હિન્દી ભાષાનું જરૂરી જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. તેમજ ભારતનું નાગરિકત્વ, શારીરિક યોગ્યતા અને સારા ચારિત્ર્ય અંગેની ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો - ૧૯૬૭ની જોગવાઈઓ ઉમેદવારોએ પરિપૂર્ણ કરવાની રહેશે.

૮. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ તે જ્ઞાતિના મળવાપાત્ર લાભ લેવા માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪નું (તા. ૧-૪-૨૦૧૪ થી તા. ૧૩-૧૨-૨૦૧૪ દરમ્યાન મેળવેલ હોય તેવુ) નોન ક્રીમીલેયરનું પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવી લેવાનું રહેશે અને મેળવેલ પ્રમાણપત્ર માંગવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે. અન્યથા અનામતનો લાભ મળવાપાત્ર રહેશે નહિ.

૯. માજી સૈનિકો (એક્સ સર્વિસમેન) માટેની ૧૦% જગ્યાઓ અનામત હશે અને તે ઈન્ટરલોકયુટરી અનામત ગણવામાં આવશે.

૧૦. સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા. ૨૧-૦૨-૨૦૧૪ના ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૦૨૦૧૩/૨૪૨૭૯૨/ગ-૨માં કરેલ જોગવાઈ મુજબ રમતવીરોને નિયમાનુસાર જે તે તબક્કો ગુણભાર આપવામાં આવશે.

૧૧. સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા. ૩૧-૦૮-૨૦૦૪ના ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨માં કરેલ જોગવાઈ મુજબ વિધવા મહિલા ઉમેદવારોને નિયમોનુસાર જે તે તબક્કો ગુણભાર આપવામાં આવશે.

**(શારીરિક ધોરણો અને લેખિત પરીક્ષા (એ) અને (બી) માટે પાના નં. ૭ જોવું... : (બી) માટેની વિશેષ નોંધ અહીં આપેલ છે.)**

પોલીસ સબ ઈન્સ્પેકટર, બિન હથિયારી અને મદદનીશ પોલીસ સબ ઈન્સ્પેક્ટર, બિન હથિયારીની લેખિત પરીક્ષામાં પ્રશ્નપત્ર-૧, પ્રશ્નપત્ર-૨ અને પ્રશ્નપત્ર-૩ એક સરખા, સમય પણ સરખો અને ગુણભાર પણ સરખો જ હોવાથી એકજ લેખિત પરીક્ષા લેવામાં આવશે. જ્યારે પ્રશ્નપત્ર-૪ જુદા હોવાથી પ્રશ્નપત્ર-૪ની અલગ-અલગ લેખિત પરીક્ષા લેવામાં આવશે.

બિન હથિયારી પો.સ.ઈ. અને બિન હથિયારી એ.એસ.આઈ.ના કિસ્સામાં લેખિત પરીક્ષા થયા બાદ રમતવીરોને (સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૧-૨-૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૨૦૧૩/૨૪૨૭૯૨/ગ-૨માં કરેલ જોગવાઈ મુજબ) તથા વિધવાને (સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા. ૩૧-૮-૨૦૦૪ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨માં કરેલ જોગવાઈ મુજબ) મળવાપાત્ર ગુણ ઉમેરો કરી ખાલી જગ્યાઓના ત્રણ ગણા જેટલા ઉમેદવારો મૌખિક ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે.

**(સી) કોન્સ્ટેબલ (લોકરક્ષક) બિન હથિયારી/હથિયારી કક્ષાની જગ્યાઓ માટેની લેખિત પરીક્ષા :**

આ લેખિત પરીક્ષા ૧૦૦ માર્કસના એક હેતુલક્ષી (ઓબ્જેક્ટીવ) પ્રશ્નપત્રમાં લેવાશે. સમય એક કલાકનો રહેશે. સામાન્ય જ્ઞાનને લગતા આ પ્રશ્નપત્રમાં સામાન્યજ્ઞાન, વર્તમાન પ્રવાહો, મનોવિજ્ઞાન, ઈતિહાસ, ભૂગોળ, સમાજશાસ્ત્ર, વિજ્ઞાન તેમજ ભારતનું બંધારણ, ક્રીમીનલ પ્રોસજર કોડ-૧૯૭૩, ઈન્ડીયન પીન કોડ-૧૮૬૦ અને એવીડન્સ એક્ટ - ૧૮૭૨ને લગતા પ્રાથમિક પ્રકારના પ્રશ્નો આવરી લેવાશે.

૧. એન.સી.સી.નું 'સી' સર્ટીફીકેટ ધરાવનાર ઉમેદવારોને વધારાના બે ગુણ આપવામાં આવશે.

૨. સરકારશ્રી ગૃહવિભાગના તા. ૭-૭-૨૦૧૧ના ઠરાવ ક્રમાંક જીજી/જીયુજે/૩૪/એમએચકે/૧૦૧૦/૧૩૯૩/સી માં કરેલ જોગવાઈ મુજબ રક્ષાશક્તિ યુનિવર્સીટી દ્વારા અપાતા પ્રમાણપત્ર મેળવેલ હશે તેમને લોકરક્ષક કેડરમાં નિયમોનુસાર વધુ ગુણ આપવામાં આવશે.

૩. લેખિત પરીક્ષા, NCC "C" સર્ટી., રક્ષાશક્તિ યુનિવર્સીટીના પ્રમાણપત્ર અને રમત-ગમતના (સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા. ૨૧-૨-૨૦૧૪ના ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૦૨૦૧૩/૨૪૨૭૯૨/ગ-૨માં કરેલ જોગવાઈ મુજબ) તથા વિધવાને (સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગર તા. ૩૧-૮-૨૦૦૪ના ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨ માં કરેલ જોગવાઈ મુજબ) મળવાપાત્ર વધારાના ગુણોને ધ્યાનમાં લઈ લોકરક્ષકની આખરી પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

કોન્સ્ટેબલની જગ્યાઓ માટે મૌખિક ઈન્ટરવ્યુ રહેશે નહીં. પરંતુ દસ્તાવેજોની ચકાસણી માટે બોલાવવામાં આવશે.

*(અનુસંધાન પાન નં. ૭ ઉપર)*

*મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા મુદ્રિત.*